**આજનો સુવિચાર**

જ્ઞાન અને ક્રિયા જીવનની બે મહત્વપૂર્ણ પાંખો છે, જેના વડે માનવ અનંત સુખાવકાશમાં સહજ રીતે ઉડ્ડયન કરી શકે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૨ જૂનાગઢ તા.૨૫-૧૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 12, Junagadh : Date : 25 December, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



ફટાફટ લોન ! સરળ અથવા જીંદગીભરનું નુકશાન ?

કોઈપણ કાર્યવાહી વગર મળેલી સરળ લોન તમારી મુશ્કેલીઓ વધારી શકે છે.

તુરંત ફી ભરો નહીં | લોન આપવા વાળી સંસ્થા/વ્યક્તિની તપાસ કરો | તમારી અંગત માહિતી કોઈને આપશો નહીં

LOAN AGREEMENT · APPROVED

गृह मंत्रालय MINISTRY OF HOME AFFAIRS · Indian Cyber Crime Coordination Centre

રોકાઓ, વિચારો, એક્શન લો

www.cybercrime.gov.in અથવા 1930 પર આપની ફરિયાદ દાખલ કરાવો.

વધુ માહિતી માટે CyberDost ને ફોલો કરો.

CBC 19101/13/0037/2425


# પાકિસ્તાને મધ્યરાત્રીના અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી : ૧૫ના મોત



ઈસ્લામાબાદ/કાબુલ તા.૨૫ પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ એરસ્ટ્રાઈકમાં પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં કરવામાં આવી છે. આ એરસ્ટ્રાઈકમાં મહિલાઓ અને બાળકો સહિત ૧૫ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. અફઘાન અધિકારીઓના જણાવ્યા અનુસાર એરસ્ટ્રાઈકમાં મૃત્યુઆંક વધી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અફઘાનિસ્તાન પર આ એરસ્ટ્રાઈકમાં ઘણાં ગામોને પણ નિશાન બનાવવામાં આવ્યાં છે. જો કે, પાકિસ્તાની અધિકારીઓએ હજુ સુધી આ એરસ્ટ્રાઈકની સત્તાવાર પુષ્ટિ કરી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પાકિસ્તાની ફાઈટર જેટ્સે અફઘાનિસ્તાનના વિસ્તારોમાં બોમ્બમારો કર્યો છે. આ હવાઈ હુમલામાં મોટાપાયે વિનાશ થયો છે. પાકિસ્તાની એરસ્ટ્રાઈક બાદ આ વિસ્તારમાં તણાવ અત્યંત વધી ગયો છે.

તાલિબાને પણ વળતો હુમલો કરવાની ધમકી આપી હતી પાકિસ્તાનના આ હુમલા બાદ તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે બર્મલ પર હુમલા બાદ વળતી કાર્યવાહી કરવાની ધમકી આપી છે. તાલિબાને એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે અફઘાનિસ્તાનને તેની જમીન અને સાર્વભૌમત્વની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે. હુમલાની નિંદા કરતા તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે પાકિસ્તાની ફાઈટર જેટ દ્વારા બોમ્બમારો કરવામાં આવેલા વિસ્તારોમાં વઝીરિસ્તાનના શરણાર્થીઓ પણ સામેલ હતા.

## અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પણ પાકિસ્તાન પર વળતો હુમલો કરવાની ધમકી આપી

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનની આ કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપવાની ધમકી આપી છે.


KHUSHI WELNESS Ayurvedic-Herbal

Chiropratic & Bone Setting

યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)

સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી

મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮

ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

મકાન વેંચવાનું છે

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

Dentistry For Little Ones

પાર્શ્વિ ડેન્ટલ કેર

ડૉ. ભુમિકા ડી. હિરપરા
MDS
Pedodontics & Preventive Dentistry
બાળકોના દાંતના નિષ્ણાંત

બાળકોના દાંતનું દવાખાનું
૧૦ વર્ષના વિશાળ અનુભવની સાથે બાળકોના દાંતની વિશેષ સારવારો બાળકોને અનુરૂપ વાતાવરણમાં...

અક્ષર પ્લાઝા-૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ
+91 94290 18328 · Parshvi_dental_care

હિરપરા ડેન્ટલ
ઈમ્પ્લાન્ટ । પીડોડોન્ટિક્સ । ઓર્થોડોન્ટિક્સ

ડૉ. દર્પણ આર. હિરપરા
MDS - Master of Dental Surgery

100% Sterilized, Hygienic Clinic

ફક્ત ત્રણ જ દિવસમાં ફિક્સ દાંત

સારવાર પહેલા · ફિક્સ દાંત સારવાર · સારવાર બાદ

- ૧૨ વર્ષથી ડેન્ટલ ઈમ્પ્લાન્ટને લગતી બધીજ સારવાર તથા વિકલ્પ ઉપલબ્ધ કરાવતુ એકમાત્ર ક્લિનિક
- આધુનિક 3D પધ્ધતિ દ્વારા ગાઈડેડ ઈમ્પ્લાન્ટ સર્જરી.
- ૩ દિવસમાં ફિક્સ દાંત, દુઃખાવા રહીત, ટાંકા વગરની ફ્લેપલેસ ઈમ્પ્લાન્ટ સર્જરી
- ડાયાબીટીસ અને કેન્સર પેશન્ટમાં પણ શકય છે.
- વાંકાચુકા દાંતની સારવાર માટે બ્રેસિસ અને અલાઈનર દ્વારા સારવાર
- દાંત બચાવવા માટે સિંગલ સીટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ
- ડહાપણ દાઢ કાઢવાની સર્જરી
- સ્માઈલ ડીઝાઈનીંગ - કોસ્મેટીક ડેન્ટલ ટ્રીટમેન્ટ

invisalign

ઇન્વિઝલાઇન અલાઇનર્સ દ્વારા તમારા વાંકાચુકા દાંતની સમસ્યા હંમેશા માટે દૂર થશે

Invisalign v Braces

બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ
+91 93165 40149
www.hirparadental.in, Email : drdarpan85@gmail.com

મારી યોજના · વિકસિત ભારત વિકસિત ગુજરાત

કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ અને સેવાઓની માહિતી

હવે, એક જ ક્લિક પર

મારી યોજના
મારી બધી યોજનાઓ, એક જ પોર્ટલ પર


માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે

'મારી યોજના' પોર્ટલનો શુભારંભ

તારીખ: ૨૫/૧૨/૨૦૨૪ | સમય - સવારે ૧૧:૦૦ વાગે

સ્થળ: નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર






મારી બધી યોજના, એક જ પોર્ટલ પર, એક જ ક્લિક પર

https://mariyojana.gujarat.gov.in

### ઉમિયાધામ મહોત્સવમાં વેણુ નદીના કાંઠે દરરોજ માતાજીની સહસ્ત્રદિપ આરતીસ્ ગંગાઆરતી જેવું અદભૂત દશ્ય

# આજથી સિદસરમાં પંચદિવસીય મહોત્સવ મંગલમ્‌નો શંખનાદ

## પાટીદારોને સમાજ વિકાસનો નૂતન પંથ નિર્માણ કરવા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીની અપી : રાજયપા, આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતીમાં ગુરૂવારે સિદસરમાં વિશાળ કૃષિ સંમેલન



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૨૫

આજ તા. ૨૫ ડીસેમ્બર-૨૦૨૪ થી જગત જનની માઁ ઉમિયાના પ્રાગટયના ૧૨૫ વર્ષ નિમિતે યોજાનારા ૫ દિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ ઉજવણીની સાથોસાથ સૌરાષ્ટ્રભરના અઢી લાખથી વધુ પાટીદાર પરિવાર માટે સામાજીક વિકાસનો નૂતન પંથ નિર્માણ કરશે તેમ ઉમિયાધામ સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા અને ઉમિયાધામના ચેરમેન મૌલેશભાઈ ઉકાણીએ જણાવ્યું છે. માઁ ઉમિયાની ભકિત થકી સરસ્વતીની સાધનાના સંકલ્પ સાથે દસ જેટોલા સંમેલનોમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો સમાજને નવી રાહ ચિંધવા પ્રરીત કરશે. મા ઉમિયાના દર્શન, મહોત્સવનો લ્હાવો માણવા પાટીદાર સમાજનો માનવ મહેરામણ ઉમટશે.

**પાંચ દિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં દરરોજ સહસ્ત્રદિપ આરતી**

સિદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં સૌરાષ્ટભરના વિવિધ શહેરો તાલુકા તથા ગ્રામ્ય વિસ્તોરોમાંથી દરરોજ લાખો ભાવીકો ભાગો લઈ માઁ ઉમિયાના ચરણોમાં શિશ ઝુકાવશે. પાંચ દિવસીય શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવ દરમ્યાન દરરોજ સાંજે મા ઉમિયાના મંદિર સામે આવે, વેણું નદીના કાંઠે 'માઁ ઉમિયાનીવ સહસ્ત્રદિપ આરતી કરશે. વેણુ નદીના કાંઠે ખાસ બનાવવામાં આવે, 'વેણુધાટવ ખાતે ભવ્યાતિભવ્ય આરતી થશે. આરતી સમયે માઁ ઉમિયાના પ્રાગટયની યશોગાથા સાથેનો લેસર શો યોજાશે. મહોત્સવની આયોજન કમિટીના ચેરમેન ચિમનભાઈ શાપરીયા, મહામંત્રી જયેશભાઈ પટેલ, સહમહામંત્રી કૌશીકભાઈ રાબડીયાના જણાવ્યા અનુસાર હરિદ્વાર ગંગાઘાટે યોજાતી આરતી જેવો જ ભવ્યાતિભવ્ય અને મનોરમ્ય દશ્ય માઁ ઉમાની આરતી સમયે યોજાય તે માટે વેણુ નદીમાં લાઈટીંગ અને ડેકોરેશન લેસર શો સહીતનું આયોજન કરવામાં આવ્યુ છે. ઉમિયાધામ સિદસરમાં માઁના સાનીધ્યમાં યાત્રાળુઓ ભાવીકો આ આરતીના દર્શન અલૌકિક અને યાદગાર બની રહેશે.

**સવા લાખ બહેનો હથેળીમાં 'માઁ'ના નામથી મહેંદી મુકી માતાજીની આરાધના કરશે**

શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવનો કડવા પાટીદાર પરિવારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. સિદસર ખાતે પાંચ દિવસીય મહોત્સવમાં દરમ્યાન વિવિધ સંમે,નો, વૈવિધ્ય સભર કાર્યક્રમો યોજાશે. તા. ૨૭ ને શુક્રવારે યોજાનાર મહિલા સંમેલનમાં જગત જનની માઁ ઉમિયાને આરાધવા કડવા પાટીદાર પરિવારની સવા લાખ બહેનો, દિકરીઓ, કુંવારિકાઓ પોતાની હથેળીમાં 'માઁ વ ના નામથી મહેંદી મુકી અવનવી રીતે માતાજીના મહોત્સવના હર્ષ અને ઉલ્,ાસને પ્રર્દશીત કરી નવો વિક્રમ સર્જશે. મહિ,ા સંમે,નમાં બહેનો બહોળી સંખ્યામાં જોડાશે તેમજ ૧૨૫૦ જેટલી દિકરીઓ શિર ઉપર ઝવેરા લઈ ઝવેરા યાત્રામાં જોડાશે. આ દિકરીઓનું પૂજન કરી તેમને પ્રસાદ રૂપે ખીર રોટ,ી તેમજ ભેટ આપવામાં આવશે.

**મહોત્સવમાં અંગદાન/ચક્ષુદાન જાગૃતિ: સંકલ્પપત્રો ભરાશે**

સેવા અને સમપર્ણ દ્વારા સમાજ વિકાસની ભાવના પ્રજજવલીત કરવા યોજાઈ રહેલ મા ઉમિયાના સિદસર ખાતેના મહોત્સવમાં ઉમિયા ભકતો દ્વારા વિક્રમજનક ચક્ષુદાન અને અંગદાન થાય તેવું આયોજન થઈ રહયું છે. ચક્ષુદાન કેટલું સરળ છે, ચક્ષુદાન કઈ રીતે થઈ શકે અને તે માટે કોનો સંપર્ક કરવો પડે તેની લોકોમાં જાણકારીનો અભાવ છે. હકીકતમાં કોઈપણ વ્યકિત પોતાની હૈયાતિમાં એક સાદુ ફોર્મ ભરીને પોતાના મૃત્યુ પછીનું નેત્રદાન જાહેર કરી શકે છે. વ્યકિતના મૃત્યુ પછી તેમના પરિવારજનો ઈચ્છે તો તેઓ પણ મૃત વ્યકિતની આંખો તેમજ અંગો દાનમાં આપી શકે છે. સિદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં આવતા ભાવીકોમાં ચક્ષુદાન અંગદાન અંગે જાગૃતિ ફે,ાવવા માટે મહોત્વમાં વિવિધ જગ્યાઓ ઉપર ૧૫ બાય ૧૫ ના ૪ ડોકની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં યાત્રાળુઓને અંગદાન-ચક્ષુદાનનું મહત્વ સમજાવી સંકલ્પપત્રો ભરાવાશે. આ પ્રેરણાત્મક કાર્ય ડો. દિવ્યેશ વિરોજાના માર્ગદર્શન હેઠળ અંગદાન સમિતિના અધ્યક્ષ કિંજલભાઈ મણવર, ઉપાધ્યક્ષ રોનકભાઈ કડીવાર, મંત્રી સંદીપભાઈ સો,ધ્રા, સહમંત્રી વ્યોમેશભાઈ સંતોકી તેમજ ૪૦ સ્વયંસેવકોની ટીમ દ્વારા કરવામાં આવશે.

સિદસર ખાતે તા. ૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે યોજાનાર કૃષિ સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયાધામ સિદસરના ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત રાજયના મહામહિમ રાજયપા, આચાર્ય દેવવ્રતજી મુખ્ય મહેમાન તરીકે કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવરીયા, અતિથિવિશેષ તરીકે વિશ્વ ગુજરાતી સમજના પ્રમુખ સી.કે. પટેલ, ઉંઝાના પૂર્વ પ્રમુખ મણીભાઈ મમ્મી, અમદાવાદના કાંતિભાઈ રામ, પ્રહલાદભાઈ, પાટીદાર સમાજ અમદાવાદના પ્રમુખ મગનભાઈ જાવીયા, પાટીદાર સમાજ વડોદરાના પ્રમુખ મણીભાઈ વાછાણી, પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વજુભાઈ માણાવદરીયા, પાટીદાર સમાજ મુંબઈના પ્રમુખ ગીરીશભાઈ ગોવાણી, સુરેન્દ્રનગરના પરસોતમભાઈ વરમોરા, મુંબઈના ભગવાનજીભાઈ હેદપરા ઉપસ્થિત રહેશે.

બપોરબાદ ૩ કલાકે યોજાનાર સામાજીક સંમે,નમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટે,, ઉદઘાટક તેમજ મુખ્ય વકતા તરીકે સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મુખ્ય મહેમાન તરીકે સમુધ્ધિ યોજના-૨ ના મહાપદ્‌મ દાતા જીવનભાઈ ગોવાણી, અતિથિ વિશેષ તરીકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદના પ્રમુખ આર.પી.પટેલ, ખોડ,ધામ કાગવડના પ્રમુખ નરેશભાઈ પટેલ, ઉમિયાધામ સુરતના પ્રમુખ જશુભાઈ પટેલ, સમસ્ત પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વેલજીભાઈ શેટા, ઉમિયાધામ રાજકોટના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, સરદારધામ અમદાવાદના ગગજીભાઈ સુતરીયા, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ નિલેશભાઈ ધુલેશીયા, ઉમિયાધામ નાગપુરના પ્રમુખ જીવરાજભાઈ પટેલ, ઉમિયાધામ વાંઢાઈના પ્રમુખ હંસરાજભાઈ ધોળુ, ઉમિયાધામ મેંગલોરના પ્રમુખ મગનભાઈ ઘેટીયા, ઉમિયાધામ લીલીયાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉમિયાધામ ચિત્રી રાજસ્થાનના પ્રમુખ રમેશભાઈ પાટીદાર, મહોત્સવના અન્નપૂર્ણા દાતા નંદલાભાઈ માંડવીયા, મયુરભાઈ પરસાણીયા, રાજકોટના વલ્લભભાઈ વડલીયા, નાથાભાઈ કાલરીયા, જૂનગઢના અગ્રણી કાંતીભાઈ ફળદુ, મોરબીના દુલભજીભાઈ દેથરિયા, શાપુરના વાલજીભાઈ ફળદુ, વિન્ટે, ગ્રુપ મોરબીના કે.જી. કુંડારીયા, મોટો ગ્રુપ મોરબીના ત્રંબકભાઈ ફેફર, વેલેન્સીયા ગ્રુપ મોરબીના ત્રિભોવનભાઈ વાંસજાળીયા, દુલભજીભાઈ એલ. રંગપરીયા, સુરતના ભગવાનદાસ કે. સવસાણી, અમદાવાદના કિશોરભાઈ વિરમગામા, રાજકોટના મુળજીભાઈ ભીમાણી, મુંબઈના હરિશભાઈ ભાલોડીયા, આર.સી.માકડીયા, કંચનબેન હદવાણી, ગીંગણીના રમેશભાઈ સાપરીયા, અમેરીકાથી અશ્વિનભાઈ જાવીયા, દિપકભાઈ ગોવાણી ઉપસ્થિત રહેશે. તેમ શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવની પ્રેસ મિડીયા સમિતિના અધ્યક્ષ રમેશભાઈ ઘોડાસરા તથા મંત્રી રજની ગોલની યાદીમાં જણાવાયુ છે. વ્યસાનમુકિત માટે ૩૫ જેટલા સ્વયંસેવકો સાથે ૪ ડોકટરોની ટીમ કાર્યરતઃ 'યે જીંદગી ન મિલેગી દોબારાવ' ડોકયુમેન્ટરી ફીલ્મ પ્રદર્શન.

### સિદસર મહોત્સવમાં ૫૦૦૦ લોકોને વ્યસનમૂકત કરવાનો નિર્ધાર

રાજકોટ તા.૨૫

સિદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં વિવિધ કાર્યક્રમોની સાથોસાથ સમાજના પ્રત્યેક સદસ્યો, યુવાનો જીવનનું મહત્વ સમજે યુવાપેઢી આદર્શ જીવનમૂલ્યો કેળવી વ્યસન મૂકત બને તે ઝુંબેશ સાથે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં વ્યસનમૂકિત સમિતિ દ્વારા મહોત્સવમાં ભાગલેનાર યાત્રીકો જેને વ્યસન હોય તેવા ૫૦૦૦ ભાવીકોને વ્યસનમૂકત કરવાનો નિર્ધાર કયો છે. ૩૫ જેટલા સભ્યો તેમજ ૪ જેટલા ડોકટર્સની ટીમ દ્વારા વ્યસનમૂકિત ઝુંબેશ ચલાવાશે. મહોત્સવ સ્થળે ૬૦ ફુટ બાય ૯૦ ફુટના ડોમમાં વ્યસનમૂકિતને,ગતા વિવિધ ચાર્ટ, ચિત્રો દ્વારા પ્રદર્શન કરવામાં આવશે સ્થળ ઉપર માઉથ કેનિંગ કરી ડોકટરો, સમિતિના સભ્યો દ્વારા સંકલ્પપત્ર ભરાવવામાં આવશે. વ્યસનમૂકિત સમિતિ દ્વારા વિશેષ રૂપે વિદ્યાર્થીઓ તેમજ યુવાનોને વ્યસનમૂકત થવાની પ્રેરણા મળી રહે તેવી હદયસ્પર્શી અને સહજ માર્ગદર્શન ડો. દિપેશ ભલાણી, ડો.ગૌતમ માકડીયા દ્વારા આપવામાં આવશે. કુંડારીયા ફાઉન્ડેશન દ્વારા કેન્સર પ્રીવેન્શન માટે સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. દરેક પરિવારો આ વ્યસનમૂકિત ડોમની ની મુ,ાકાત ,ઈ વ્યસન મૂકત થવાની પ્રેરણા મેળવે તે અંતર્ગત પેમ્પલેટ, બેનર હોર્ડીંગ્સ તેમજ ' યે જીંદગી ન મિ,ેગી દોબારાવ જેવી ડોકયુમેન્ટરી ફીલ્મ પ્રદર્શન, વ્યસન મૂકતિનો રથ દ્વારા જાગૃતિ પ્રચાર કરવામાં આવ્યો છે. આવનારી પેઢીના બાળકો, યુવાનો, ગુટકા તમાકુ, માવો, ડ્રગ્સ, દારૂ જેવી બરબાદી થી દુર રહે સમાજમાં વ્યસનમૂકિતીની પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તે માટે વ્યસનમૂકતિ સમિતિના અધ્યક્ષ પુનિતભાઈ ચોવટીયા, ઉપાધ્યક્ષ સાજન પાણ, મંત્રી ભાવેશ ડઢાણીયા, સહમંત્રી ભાવનાબેન માકડીયા, ડો.મીતાબેન પટેલ જહેમત ઉઠાવી રહયા છે.

**'માઁ'ના નામની મેંહદી મુકી સવા લાખ બહેનો શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવની ઉજવણીમાં જોડાશે : મહોત્સવની સાથોસાથ રકતદાન, ચક્ષુદાન, અંગદાન વ્યસનમૂકિત સહીતના કાર્યો થશે**

## મારવાડી યુનિવર્સિટી દ્વારા ફેકલ્ટી ઓફ ફિઝીયોથેરાપી ૧૫મી ગુજરાત રાજ્ય કોન્ફરન્સમાં વિવિધ ફિઝીયોથેરાપી કોલેજોના ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓ-અધ્યાપકોએ ભાગ લીધો







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૫

ફેકલ્ટી ઓફ ફિઝીયોથેરાપી, મારવાડી યુનિવર્સિટી દ્વારા ૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૧૫મી રાજય કક્ષાની ફિઝીયોથેરાપી કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ગુજરાતના વિવિધ ફિઝીયોથેરાપી કોલેજોના ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમજ અધ્યાપકોએ ભાગ લીધો. મુખ્ય અતિથિ તરીકે ડો.યજ્ઞા શુકલા (ચેરપર્સન, નેશનલ કમિશન ફોર એલાયડ એન્ડ હેલ્થ કેર પ્રોફેશનલ્સ) અને ડૉ. પ્રકાશ મોઢા (ડિરેક્ટર, ગોકુલ હોસ્પિટલ, રાજકોટ અને ટ્રસ્ટી, મારવાડી યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ દિવસે ડો. ઈદ્રીશ કોન્ટ્રાક્ટર અને ડો.નેહલ શાહ દ્વારા પ્રિ -કોન્ફરન્સ વર્કશોપ યોજાઈ હતી. વિશિષ્ટ મહેમાન તરીકે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ ટીમના ફિઝીયોથેરાપિસ્ટ ડો.અલી ઈરાની ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. વકાર નકવી દ્વારા ખાસ સંબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન વિવિધ ચર્ચાઓ તેમજ રમત ગમત સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. કાર્યક્રમના અંતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રસ્તુતિઓ આપી. સમાપન સમારંભ ડૉ. ઉષા ખન્ના (મુખ્ય અતિથિ) અને ડૉ. દેવાંશી વૈષ્ણવ (મહેમાનો)ના હસ્તે કરાયું.

## જૂનાગઢ ખાતે કૃષિ મંત્રીની અધ્યક્ષતામાં વિવિધ સમાજ અને ક્ષેત્રના આગેવાનોની બેઠક મળી

### સોરઠની સમસ્યાઓ પ્રશ્નની ચર્ચા કરીને નિરાકરણ લાવવાની ખાતરી આપી, કૃષી ઉધોગ ને વિકસાવવા ઉપર ભાર મૂક્યો





જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના કેબિનેટ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ જુનાગઢ જિલ્લાના પ્રવાસે આવેલા હતા. આ દરમિયાન તેમણે અહીંના એક ફાર્મ હાઉસ ખાતે સોરઠના દરેક સમાજના આગેવાનો અને દરેક ક્ષેત્રના લોકો સાથે બેઠક યોજી હતી

જૂનાગઢના બાયપાસ સ્થિત ડ્રીમસિટી ખાતે સોરઠ ના જાણીતા સમાજશ્રેષ્ઠી અને સમુહલગ્નના પ્રણેતા હરસુખભાઈ વઘાસિયા અને સમાજસેવક જયંતીભાઈ વઘાસીયા દ્વારા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સમાજસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ સમાજના આગેવાનો પ્રમુખો વિવિધ ક્ષેત્રના શ્રેષ્ઠિઓ ઉદ્યોગપતિઓ ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણીઓ અને ઓઈલ મિલરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત આગેવાનો સાથે રાઘવજીભાઈ પટેલે જુદા જુદા પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી. ઈકોઝોન બાબતે રજૂઆત કરતા તે પ્રશ્ન અંગે પણ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરીને ઘટતું કરવાની ખાતરી આપી હતી અને સોરઠ માં કૃષિ ક્ષેત્રને લગતો ઉદ્યોગ વિકસાવવા ઉપર ઉદ્યોગપતિઓને જણાવ્યું હતું જરૂર પડે તો સરકાર પણ મદદ કરવા તૈયાર હોવાની તેઓએ ખાત્રી આપી હતી.

આ તકે સરદાર પટેલ કન્યા છાત્રાલયના પ્રમુખ જે. કે. ઠેસિયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજયભાઈ દોમડીયા કેતનભાઈ ધોણીયા , પુજાલશ્રમી ઓઈલ મીલવાળા પોપટભાઈ પટોળીયા , પી.એલ. પટેલ, પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્ર પોશીયા , બિલ્ડર આગેવાન નરોત્તમભાઈ વધાસીયા, ચિમનભાઈ વિરાણી , મનુભાઈ વઘાસિયા પ્રમુખ લેવા પટેલ સમાજ ગોધમપુર તેમજ લેઉવા પટેલ સમાજ યુવા સમિતીના આગેવાનો તેમજ અલગ અલગ ગૌશાળાના પ્રતિનીધીઓ સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કોડીનાર તાલુકાના માલગામ ખાતે નેશનલ હાઈવે ૧૨ ફૂટ ઊંચો બન્યો પણ ગામ લોકોને સુવિધા નહિ



(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૨૫

કોડીનાર તાલુકાના માલગામ ગામે બનેલો નેશનલ હાઈવે ગામ તળ થી ૧૨ ફૂટ ઊંચો બનાવવા માં આવ્યો છે.પણ રોડ ઉપર જવા ગામ લોકો ને સુવિધા આપવા માં આવી નથી. ડોળાસા નજીક ના માલગામ થી પસાર થતો ફોરટ્રેક હાઈવે મૂળ સપાટી થી ૧૨ ફૂટ ઉંચો બનાવાયો પણ ગામલોકો ની સુવિધા નો કોઈ ખ્યાલ રાખવા માં આવ્યો જ નથી,લોકો રોડ ઉપર ચડવા ઉતારવા જોખમી ઢાળ ઉપર થી આવન જાવન કરે છે.ચોમાસા ના તો સ્થિતિ ગંભીર બને છે.માટી ભીની થવાથી અનેક લોકો પડી જાય છે.માલગામ ના લોકો ની માંગ છે કે અહી બે જગ્યાએ પથ્થર ની સીડી બનાવવામાં આવે .જેથી લોકો આસાનીથી રોડ ઉપર જઈ શકે.

આ ઉપરાંત માલગામ બસ સ્ટેશનમાં હજુ સુધી મુસાફરોને બેસવા છાપરી પણ બનાવવામાં આવી નથી. ચોમાસા અને ઉનાળા માં માલગામ બસ સ્ટેશન ઊભું પણ રહી શકાતું નથી, સુવિધાનો ભારે અભાવ પણ અહીથી અર્ધો કી.મી. દૂર ટોલ નાકુ ચાલુ કરી દેવામાં આવ્યું છે. આખરે માલગામ, વેળવા અને અડવી ગામોને બસ સ્ટેશન છાપરીની સુવિધા ક્યારે મળશે ? તેવી સવાલ આ ગામોના લોકો કરી રહ્યા છે.

## દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

રાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા આયોજીત નડિયાદના હરીઓમ આશ્રમ પ્રેરીત તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ કચેરી દ્વારા સંચાલિત ૪૪ મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા દ્વારકામાં દામજી જેટીથી બેટ દ્વારકા ફરતે રાઉન્ડનું આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ સાહસીકોએ ખંભાળિયામાં ધરમપુર વિસ્તારમાં આવેલા જિલ્લા સેવાસદનમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રૂમ નં. C-૧/૨, અને C-૧/૪, પ્રથમ માળ ખાતેથી અરજી ફોર્મ મેળવી તા. ૬ જાન્યુઆરી સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## ભેંસાણ તાલુકાના એસ.એસ.સી. પાસ ઉમેદવાર માટે ઉતમ તક

જૂનાગઢ તા.૨૫

ભેસાણ તાલુકાના માંડવા પ્રાથમિક શાળા, માંડવા ગામના પી.એમ. પોષણ (મ.ભો.યો.) યોજના કેન્દ્રમાં કેન્દ્ર સંચાલક તરીકે નિમણુક અંગેની અરજી કરવાની રહેશે. જેમા એસ.એસ.સી. પાસ ઉમેદવાર (એસ.એસ.સી પાસ ઉમેદવાર નહીં મળે તો ધોરણ ૭ પાસ ઉમેદવાર પસંદપાત્ર ગણાશે), જેમની લઘુતમ વય મર્યાદા ૨૦વર્ષ અને મહત્તમ ૬૦વર્ષ સુધી રહેશે. જેમાં નિયત માનદ વેતનથી ખંડ સમય માટે નિમણૂક આપવાની થાય છે. જેમાં ઉમેદવારોએ નિયત નમુનામાં અરજી ફોર્મ ભરી જરૂરી તમામ આધાર પુરાવા સાથે ૨૭ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમિયાન અરજી મોકલી આપવાની રહેશે. ઉમેદવારોને રૂબરૂ મુલાકાત પ્રશ્નોત્તરી માટે કચેરી તરફથી રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે જણાવેલ સમય અને તારીખે અચૂકપણે અસલ પ્રમાણપત્રો અને આધાર પુરાવા સાથે સ્વખર્ચે હાજર રહેવું તેમ ભેંસાણ મામલતદાર દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# તંત્રી લેખ

## ચીન પ્રત્યે સતત સતર્કતાની જરૂર

લગભગ પાંચ વર્ષ બાદ ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે ઉચ્ચ સ્તરની મંત્રણા બાદ દ્વિપક્ષીય સંબંધોમાં નરમીના સંકેત મળ્યા. આ મંત્રણામાં ભારત તરફથી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીન તરફથી વિદેશ મંત્રી વાંગ યી સામેલ થયા. મંત્રણાની આ પહેલ પૂર્વી લદ્દાખ અને અક્સાઈ ચિન સીમા પર ૨૦૨૦થી ચાલ્યા આવતા સૈન્ય ટકરાવને ઉકેલ્યા બાદ જ શરૂ કરવામાં આવી છે. એ સમજૂતી અંતર્ગત ચીને વિવાદિત ક્ષેત્રોથી પોતાની સેનાને પાછળ હટાવી છે, જ્યાં તેણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરતાં રોકી હતી. સૈન્ય નિકાસી ઉપરાંત ચીને આશ્વાસન આપ્યું છે કે બંને પક્ષ એકબીજાના 'મૂળ હિતો અન મુખ્ય ચિંતાઓને સમજતાં અને ઈમાનદારી તથા સદ્ભાવના સાથે મતભેદો ઉકેલવા માટે તૈયાર છે.' કૂટનીતિક ગરમીને ધ્યાનમાં રાખતાં મહત્ત્વનો સવાલ એ છે કે શું ચીનનું ભારત પ્રત્યે ખરેખર કોઈ હૃદય પરિવર્તન થયું છે અને જો એવું થયું હોય તો તેનું કારણ શું છે?

છેલ્લા ૧૨ વર્ષથી ચીન પર રાજ કરતાં તાનાશાહ રાષ્ટ્રપતિ શી જિનપિંગની દાનત પર ધ્યાન આપો તો એ અસંભવ છે કે તેમણે એશિયા અને વિશ્વમાં ચીનના વર્ચસ્વ એ વિસ્તારવાદનું સપનું રાતોરાત છોડી દીધું હશે! 'પ્રમુખ દેશ કૂટનીતિ' નામની તેમની અવધારણા અનુસાર ચીન ક્યારેય પણ પોતાના 'કાયદેસર અધિકારો અને હિતો'ને નહીં છોડે અને પોતાની શક્તિ અને શ્રેષ્ઠતાના જોરે હાવી રહેશે. ભારત ઉપરાંત એક ડઝનથી વધારે દેશો સાથે ચીનના વણઉકલ્યા ક્ષેત્રીય વિવાદો છે અને આતમામ પ્રત્યે જિનપિંગના શાસનમાં ચીને દબંગ વ્યવહાર અપનાવીને ધોંસ જમાવવાનું ચાલુ રાખ્યું છે. 'ગ્રે ઝોન' અને 'સલામી સ્લાઈસિંગ' રણનીતિઓનો ઉપયોગ કરતાં ચીને પડોશીઓ પર સૈન્ય અને આર્થિક દબાણ કરીને એ જ ચેષ્ટા કરી છે કે કમજોર દેશો પર ચીનની ઈચ્છા થોપવામાં આવે. તેમના અતિરાષ્ટ્રવાદી 'ચીની સ્વપ્ન'નું લ-ય એશિયામાં એ જૂના સામ્રાજ્યવાદી યુગને પુનઃસ્થાપિત કરવાનું છે, જ્યાં ચીનનું કથિત રીતે પ્રભુત્વ હતું અને પડોશીઓને બેજિંગમાં સમ્રાટ સામે ઝૂકીને પ્રણામ કરવા પડતા હતા.

જિનપિંગ જેવા કટ્ટર નિરંકુશ નેતાનું આટલું ભવ્ય અને મહત્ત્વાકાંક્ષી સ્વપ્ન ભૂલાવી દેવું અશક્ય છે. ચીનને માત્ર મહાશક્તિ બનવું જ નહીં, બલ્કે અમેરિકાને પછાડીને વિશ્વની સૌથી મોટી શક્તિ રૂપે સ્થાપિત કરવા અને ચીની મૂલ્યો પર આધારિત નવી વિશ્વ વ્યવસ્થા સ્થાપવા જેવાં લ-યોને સાધવા માટે તે કોઈ કસર નથી છોડવાના. જોકે તેમનો આ રસ્તો આસાન નથી. અમેરિકા અને તેના સહયોગી દેશ પણ ચીનની આ રાહમાં કાંટા બિછાવવા માટે પૂરજોર પ્રયાસ કરશે. આ કો સંયોગ નથી કે ચીને ભારત સહિત જે એશિયાઇ દેશો સાથે સ્થળ અને સમુદ્રી સીમાઓના વિવાદ ન પતાવ્યા, તેમની અમેરિકા સાથે નજદિકી વધી છે. અસલમાં ચીનને સંતુલિત કરવાની દૃષ્ટિથી જ એ દેશોનો ઝોક અમેરિકા તરફ વધ્યો છે, જેનાથી ચીન વધારે ચીડાય છે. ચીન એ ઈચ્છે છે કે સીમાઓ પર દબાણ ઘટાડવાને બદલે પડોશી દેશ અમેરિકાથી દૂર જાય અથવા અમેરિકા સાથે મળીને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં તેના માટે મુશ્કેલીઓ પેદા ન કરે. તેનો અર્થ છે કે પડોશીઓએ પોતાની વિદેશ નીતિ સ્વતંત્રતા અને વ્યૂહાત્મક સ્વાયત્તતાને સામિત કરવી પડશે અને ચીની પ્રભુત્વાળી ક્ષેત્રીય વ્યવસ્થાને સ્વીકાર કરવો પડશે. આ પ્રકારની શરત કોઈપણ સ્વાભિમાની દેશ, વિશેષકરીને ભારત જેવી ઉભરતી મહાશક્તિને ક્યારેય સ્વીકાર્ય ન હોઈ શકે.

અજીત ડોભાલ અને વાંગ યી વચ્ચે હાલની મંત્રણા વિવાદિત 'સીમા પ્રશ્ન' પર વિશેષ પ્રતિનિધિઓની ૨૩મી બેઠક છે અને આ સિલસિલો કોઈ અંતિમ સહમતિ વિના ૨૦૦૩થી સતત ચાલુ છે. તે ઉપરાંત, 'સીમા મુદ્દે પરામર્શ અને સમન્વય માટે કાર્યતંત્ર'ની ૨૦૧૨થી અત્યાર સુધી ૩૨ બેઠકો થઈ ચૂકી છે. તેમાં ભાગ લેનારા ભારતીય મંત્રણાકારો અને રાજદ્વારીઓનું માનવું છે કે ચીન આ વિવાદને હંમેશ માટે સમાપ્ત કરવા ઈચ્છુક નથી દેખાતું અને તે ભારત દ્વારા રજૂ કરવામાં આવેલ નકશાની બારીકીઓમાં પણ નથી જતું. ચીન સતત કંટાળાજનક મંત્રણાઓના માધ્યમથી સંઘર્ષને પ્રબંધિત કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ પોતાના ક્ષેત્રીય દાવાઓ નથી છોડતું. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં અથડામણ અને ત્યારબાદ લગભગ સાઈઠ હજાર સૈનિકો અને ભારે-ભરખમ હથિયારોની તૈનાતી ચીનને ઘણી મોંઘી પડી. ભારતીય સેનો જે ચુસ્તતાથી જવાબી કાર્યવાહી કરી અને ચીની ઘૂસણખોરી માટે તમામ રસ્તા બંધ કરી દીધા, તેણે જિનપિંગની ચિંતાઓ વધારી દીધી હતી. અમેરિકા સાથે ભારતની લશ્કરી ભાગીદારી પણ છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન જે પ્રકારે મજબૂત થતી ગઈ, તેણે પણ ચીનના માથે ચિંતાની રેખાઓ પેદા કરવાનું કામ કર્યુ. ટ્રમ્પની વાપસી અને તેમના દ્વારા છેડવામાં આવનાર સંભવિત વેપાર યુદ્ધ અને સૈન્ય પડકારો પણ જિનપિંગની આશંકાનું કારણ છે. એવામાં ભારત પ્રત્યે નરમ વલણનું પ્રદર્શન કરી જિનપિંગ ચીન માટે થોડા સમય માટે લશ્કરી રાહતની શોધમાં હશે. દેપસાંગ અને દેમચોકથી ચીની સેનાની વાપસી જિનપિંગની નિષ્ફળતાની પરિચાયક છે, પરંતુ એ ધ્યાન રહે કે તેમના જેવા મહત્ત્વાકાંક્ષી તાનાશાહ આસાનીથી હાર નથી માનતા. ચીન ભારતને ઝૂકાવવાનો ઈરાદો ત્યાં સુધી મનમાં રાખશે, જ્યાં સુધી તે આશ્વસ્ત ન થઈ જાય કે ભારત અમેરિકા સાથે મળીને તેની ઘેરાબંધી કરવાનું નહીં છોડે. કારણ કે અમેરિકાની મિત્રતા ભારતના ઉત્થાન માટે જરૂરી છે, તેથી ચીન સાથે ભારતની અનબન અને પ્રતિસ્પર્ધામાં ઘટાડાની અપેક્ષા અવાસ્તવિક છે. ભારત-ચીન મંત્રણાના દોર સીમા પર ઉલ્લંઘિત નિયમોને બહાલ કરવામાં લગભગ મદદગાર થઈ શકે છે, પરંતુ ભૂ-રાજકીય સ્તર પર મૈત્રીપૂર્ણ સંબંધની સંભાવના દૂરની વાત છે. જ્યાં સુધી ચીન ભારતના મહાશક્તિ બનવામાં અડચણો નાખતું રહેશે, તેની સાથે દોસ્તીની અપેક્ષા કાલ્પનિક જ રહેશે. ભારતે પોતાની સૈન્ય તૈયારીઓ અને ક્ષમતાઓને ઉન્નત બનાવતાં ચીનથી સતત સતર્ક રહેવાની નીતિ પર જ ચાલવું જોઈએ.

# શ્રી કૃષ્ણની નગરી દ્વારકા ખાતે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન બેસિક એન્ડ એપ્લાઈડ ફીઝીયોલોજીનું ભવ્ય આયોજન કરાયું

## ગુજરાત ઉપરાંત દેશભરમાંથી ૨૫૦ જેટલા નિષ્ણાંત ડોક્ટર્સએ હાજરી આપી





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૫

સૌરાષ્ટ્રમાં પ્રથમ એવી વિશ્વ કક્ષાની આંતર રાષ્ટ્રીય તબીબી કોન્ફરન્સ દ્વારકા ખાતે આયોજિત કરવામાં આવી હતી. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ખાસ હાજરી આપી હતી. ઉદઘાટન સમારોહમાં ડો. જયેન્દ્ર સિંહ જાડેજા, HOD સાલ મેડીકલ કોલેજ, ડો. સંજય કુમાર સિક્કીમ મણીપાલ, ડો. નીતા મહેતા HOD, બી.જે. મેડિકલ કોલેજ, ડો. આર.ડી. જાની જામનગર, ડો. યોગેશ કાચા HOD GMC, ડુંગરપુર, ડો. રાધેશ્યામ ત્રિવેદી સુપ્રિ. PDU મેડિકલ કોલેજ, રાજકોટ, ડો. સુશીલ કુમાર, ડીન, પોરબંદર મેડીકલ કોલેજ વીગેરે હાજર રહ્યા હતા. આ કોન્ફરન્સ માં પ્રથમ દીવસે પ્રસિધ્ધ વૈજ્ઞાનિક ડો. રિચાર્ડ મિલીસનું હ્યુમન બ્રેઈન ઉપરના મહત્વના સંશોધન "Quantitative EEG" વિષે વકતવ્ય યોજાયું હતું. તેમજ બીજા ૨૭ roiginal શંસોધન પત્રો રજૂ થયા હતા. તેમજ તબીબી ક્ષેત્રે શંસોધનો કઈ રીતે કરવા ? તેની પધ્ધતિઓ શું શું છે ? એ વિષે "ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ" IIPHના વૈજ્ઞાનિક ડો. અપૂર્વકુમાર પંડ્યાનું નિષ્ણાત વકતવ્ય યોજાયું હતું. કોન્ફરન્સના બીજા દિવસે તા.૨૨ ડીસેમ્બરના રોજ ચેન્નાઈ ખાતે પ્રસિદ્ધ સિમ્સ હોસ્પિલમાં મગજના ઓપરેશન દરમ્યાન અતિ આધુનિક "ઈન્ટ્રા ઓપેરેટિવ ન્યુરો ફિઝીઓલોજી મોનીટરીંગ" કરતાં ડો. નિશાંત સંપતનું મહત્વનું વૈજ્ઞાનિક વકતવ્ય યોજાયું હતું. જેમાં આ અતિ આધુનિક પદ્ધતિ દ્વારા મગજના ઓપરેશન દરમ્યાન કઈ રીતે મગજના નાજુક ભાગોને નુકસાનથી બચાવી શકાય છે ? એની વિગત વાર છણાવટ કરવામાં આવી હતી. જેના દ્વારા ભાગ લેનાર તમામ ફિઝીયોલોજીના નિષ્ણાંત તબીબોને આધુનિક જ્ઞાન વિષેની જાણકારી જાણકારી મળી હતી. તાજેતરમાં પ્રમાણમાં યુવા વયે અનેક લોકોના હૃદય રોગના હુમલાઓથી મૃત્યું કેમ થઈ રહ્યા છે ? તેનાં કારણો અને ઉપાયો વિષે ખુબ જ મહત્વનું માર્ગદર્શન અમદાવાદના પ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ ડો. ધૃવકુમારસિંહ જાડેજા દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં કોઈને કોરોના માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તો ૭ ગણું વધારે જોખમ હોવાનું જણાવ્યું હતું. કોરોનાની vaccine લીધી હોય તો એકાએક હૃદય રોગના હુમલાનું વધૂ જોખમ છે કે કેમ ? એવા પ્રશ્નનો જવાબ આપતા ડો. ધ્રુવ કુમારસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અમેરિકામાં થયેલ સંશોધન મૂજબ mRNA આધારિત moderna તેમજ Pfizer કંપનીઓની વેક્સિન લીધી હોય તો હૃદય રોગ હુમલાનું કામ જોખમ સામાન્ય કરતાં વધુ રહે છે. જો કે આપણા દેશમાં આવી વેક્સિન આપાયેલ નથી. આપણા દેશમાં અપાયેલ vaccineમાં કોઈ વધારાનું જોખમ હતું કે નહિ ? તેનો કોઈ data સામે આવેલ નથી. સમયસર હૃદયની યોગ્ય તપાસ કરાવી લેવી અને હૃદય રોગના હુમલાથી બચાવના ઉપાયો સમયસર કરવા, નિયમિત, healthy લાઈફ સ્ટાઈલ રાખવી તેમજ યોગ્ય દવાઓ સમયસર અને નિયમિત લેવી, તાત્કાલિક સારવાર માટે તમામ નાગરીકોને CPRની તાલીમ આપવી, એ એકાએક હૃદય રોગના હુમલાથી બચાવના ઉપાયો છે. ડો. કિશન કુદૂર નું આધુનીક શૈક્ષણિક પધ્ધતિઓ વિષે વકતવ્ય યોજાયું હતું. બીજા દિવસે કુલ ૧૮ roiginal સંશોધન પત્રો રજૂ થયા હતા. બંને દીવસના રજૂ થયેલ કુલ ૪૫ શંસોધન પત્રોમાંથી કુલ ૧૨ જેટલા શાસોધન પત્રોને "નિષ્ણાંત જજીસ પેનલ" દ્વારા પસંદ કરીને ઈનામો આપવામાં આવ્યા હતા. છેલ્લે "સોસાયટી ઓફ બેઝિક એન્ડ એપ્લાયડ ફિજીયોલોજી"ના પ્રમૂખ દ્વારા દ્વારા ગૂજરાત, રાજસ્થાન અને નોર્થ ઈસ્ટ ભારતની શાખાઓની સ્થાપનાની જાહેરાત આવી હતી. જેમાં ગુજરાત શાખાના પ્રમૂખ તરીકે બી જે મેડિકલ કોલેજના પ્રોફેસર ડો. નીતા મહેતાના નામની જાહેરાત કરી હતી. તેમજ નોર્થ ઈસ્ટ ઈન્ડિયાના મુખ્ય સંયોજક તરીકે ગંગટોક ખાતેની સિક્કિમ મણીપાલ યુનિના પ્રોફેસર ડો. સંજય કુમાર ની જાહેરાત કરી હતી. રાજસ્થાન શાખાના સંયોજક તરીકે ડો. અમિતાભ દુબે, અને ડો. શશી કાંત અગ્રવાલની જાહેરાત કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં ટૂંકા વૈજ્ઞાનિક વકતવ્યો ડો. સંજય કુમાર સિક્કિમ મણીપાલ યુનિ, ડો. સત્રૂપા દાસ, ડો. નેહા પરિહાર(AIIMS, દિલ્હી) અને ડો. સિમંતીની રાઓ(સાલ મેડિકલ કોલેજ, Ahmedabad) દ્વારા રજૂ કરવામાં આવેલ હતા. આ કોન્ફરન્સ ના અયોજનમાં ચેર પર્સન ડો જયેન્દ્રસિંહ જાડેજા,(HOD સાલ મેડિકલ કોલેજ) વાઈસ ચેર પર્સન ડો. નીતા મહેતા, (HOD બી જે મેડિકલ કોલેજ), ડો. સંજય કુમાર સિક્કિમ મણીપાલ યુનિ., ડો. રાજુલા ત્યાગી, સાલ મેડિકલ કોલેજ, ડો. સિમંતિની રાઓ, સાલ મેડિકલ કોલેજ, ડો. રોશની સુથાર,સાલ મેડિકલ કોલેજ, ડો. મિલાપ સોલંકી, સાલ મેડિકલ કોલેજ ઉપરાંત ભારતના ખૂણેખૂણેથી પધારેલ ૨૫૦ જેટલા તબીબી વૈજ્ઞાનિકો, પ્રોફેસરો, P G students, Ph D students અને પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. આ અયોજનમાં પથુભા જાડેજાએ co rodinatro તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી.

# આગામી તા. ૨૭ ના રોજ બાલભવન ખાતે યોજાનાર મેગા રોજગાર ભરતી મેળો

### એસ.એસ.સી. થી સ્નાતક સુધીના ઉમેદવારો માટે ૫૦ થી વધુ કંપનીમાં રોજગારીની તકો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા યુવા રોજગારી માટે સમયાંતરે રોજગાર ભરતી મેળાનું આયોજન હાથ ધરવામાં આવે છે. જેના અનુસંધાને મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, રાજકોટ અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૭-૧૨-૨૦૨૪(શુક્રવાર) ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે બાલભવન, રેસકોર્ષ. રાજકોટ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ રોજગાર ભરતીમેળામાં અલગ અલગ ૫૦ થી વધારે ખાનગી એકમોના પ્રતિનિધી હાજર રહી ઈન્ટરવ્યુ દ્વારા ઉમેદવારોની પસંદગી હાથ ધરશે.

હાજર રહેનાર નોકરીદાતા અંગેની વધુ વિગત રોજગાર કચેરીની ટેલીગ્રામ ચેનલ "Emp Rajkot", ફેસબૂક પેજ "Employment Office Rajkot" તેમજ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ "emp.rajkot" ઉપર ઉપલબ્ધ છે. આ રોજગાર ભરતીમેળામાં એસ.એસ.સી., એ ચ . એ સ . સી . , આઈ.ટી.આઈ., ડિપ્લોમા અને બી.ઈ. ઈલેક્ટ્રોનિક, મિકેનિકલ એન્જીનીયર તેમજ કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. આ અંગે વધુ માહિતી માટે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, ૧/૩, બહુમાળી ભવન, રાજકોટનો રૂબરૂ અથવા ફોન નંબર: ૦૨૮૧-૨૪૪૦૪૧૯ ઉપર સંપર્ક કરવા કચેરીની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામકંડોરણામાં આવતીકાલે દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ

### કેમ્પમાં યુનિક ડિસેબિલિટી આઈડી કાર્ડ વિહોણા દિવ્યાંગોના યુ.ડી.આઈ.ડી. કાર્ડ બનાવી અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૫

દિવ્યાંગોને ઘરઆંગણે જ સાધન સહાય તેમજ સરકારી સેવાઓ લાભ મળી રહે તે હેતુથી રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ, જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં જ દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. આગામી ૨૬મી ડિસેમ્બરને ગુરૂવારે જામકંડોરણા તાલુકામાં આવો જ કેમ્પ, જામકંડોરણાના સામુહિક આરોગ્ય કેન્દ્ર (સરકારી હોસ્પિટલ), મામલતદાર ઓફિસ સામે, સવારે ૯.૩૦થી સાંજે પાંચ કલાક સુધી યોજવામાં આવશે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પી.જી.વી.સી.એલ. કંપનીના ફંડ તેમજ એલિમ્કોના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારત સરકારની એ.ડી.પી.આઈ. યોજના હેઠળ, અસ્થિ વિષયક ખામી, સાંભળવાની ક્ષતિ, દ્રષ્ટિથી ખામી કે સેરેબલ પાલસી પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને સાધન સહાયની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવામાં આવશે.

આ કેમ્પમાં જામકંડોરણા તાલુકાના જ ઉપરોક્ત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને હાજર રહેવા વિનંતી કરાઈ છે. ઉપરાંત જે દિવ્યાંગજન પાસે યુનિક ડિસેબીલીટી આઈ.ડી. કાર્ડ(UDID) નથી, તેમનું નિષ્ણાંત તબીબો દ્વારા એસેસમેન્ટ કરી યુ.ડી.આઈ.ડી.કાર્ડ બનાવી આપવામાં આવશે. આ કેમ્પમાં સાધન સહાય મેળવવા આ મુજબના જરૂરી આધાર પુરાવાઓ સાથે લાવવાના રહેશે. ૧.દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતુ સર્ટીફિકેટની નકલ, ૨. ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આપવામાં આવેલા યુ.ડી.આઈ.ડી. કાર્ડની નકલ, ૩.વાર્ષિક આવક મર્યાદા રૂા.૨,૬૪,૦૦૦- સુધીનું પ્રમાણપત્રની નકલ, ૪. અરજદારના આધારકાર્ડ તેમજ રેશનકાર્ડની નકલ, ૬.અરજદારના પાસપોર્ટ સાઈઝ ફોટા-૦૨. જામકંડોરણા તાલુકાના જરૂરિયાતમંદ દિવ્યાંગોને આ કેમ્પનો લાભ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમોસમી વરસાદની શક્યતાના પગલે ખેડૂતો માટે યાદી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

હવામાન વિભાગના પૂર્વાનુમાન અનુસાર તા. ૨૭ થી ૨૮ ડીસેમ્બર દરમ્યાન દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર સહિતના ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી થયેલ છે. જેને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે કેટલાંક તકેદારીનાં પગલા લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં સુચવાયું છે. ખેત ઉત્પાદિત પાક કે ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ અનાજ અને ખેતપેદાશો વરસાદથી સુરક્ષિત રાખવા. વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન લાવવાનું ટાળી શકાય અથવા અથવા સુરક્ષિત રીતે લાવવા. આ અંગે વધુ જાણકારી જે-તે વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦-૧૫૫૧ નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં થર્ટી ફર્સ્ટને અનુલક્ષીને પોલીસ દ્વારા સઘન ચેકિંગ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

ખંભાળિયા શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ક્રિસમસના તહેવારોને અનુલક્ષીને સઘન ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ શહેરના જુદા જુદા વિસ્તારોમાં પોલીસની ટીમો દ્વારા પેટ્રોલિંગની કામગીરી કરવામાં આવી હતી. ખંભાળિયામાં હાલ નાતાલ તેમજ ૩૧ ડિસેમ્બરના તહેવારોને અનુલક્ષીને ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ તેમજ પી.આઈ. બી.જે. સરવૈયા અને સ્ટાફ દ્વારા શહેરના નગર ગેઈટ, જોધપુર ગેઈટ, ચાર રસ્તા, વિગેરે વિસ્તારોમાં પસાર થતા વાહન ચાલકોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. આટલું જ નહીં, પીધેલા વાહન ચાલકો અંગે પણ ચેકિંગ કાર્યવાહી કરાતા પીધેલા વાહન ચાલકોમાં ફફડાટની લાગણી જોવા મળી હતી. પોલીસ ચેકિંગમાં વાહનો ડીટેઈન કરવા તેમજ મેમો આપવાની કાર્યવાહી પણ કરાઈ હતી.

## ખંભાળિયા આવતા સગર્ભાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ તાકીદની પ્રસુતિ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયાની હોસ્પિટલમાં દ્વારકા તરફથી ખાનગી વાહન આવતા એક પ્રસૂતાને અચાનક પ્રસુતિની પીડા ઉપડી હતી. જે અંગે તેમના પરિવારજનો દ્વારા ૧૦૮ ને જાણ કરવામાં આવતા ઈ.એમ.ટી. પુનમબેન ચાવડા અને પાયલોટ અરવિંદ વારસાકીયા તાકીદે ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા. અહિં મહિલાને પ્રસુતિ પીડા વધતા સ્થળ પર જ પ્રસુતિ કરવાની ફરજ પડી હતી. ત્યાર બાદ સ્ટાફ દ્વારા એમ્બ્યુલન્સમાં જ સગર્ભાની નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી. પ્રસુતિ બાદ માતા અને બાળકને ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આમ, ૧૦૮ દ્વારા તાકીદની સારવારથી માતા અને બાળક બંનેને નવજીવન પ્રાપ્ત થયું હતું. જેથી પરિવારજનોએ ૧૦૮ ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દુઃખથી ગભરાવ નહીં, પરિશ્રમ કરો.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૧૦ જૈન પોષ દશમી, ભગવાન શ્રી પાર્શ્વનાથ જયંતિ, ક્રિસમસ ડે (નાતાલ) તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૩, ચિત્રા નક્ષત્ર, અતિગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૧, સૂ.અ.૬:૧૨

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં સફળતા મળે. ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ:જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
મિથુન:સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કર્ક: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
સિંહ: પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
તુલા: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
વૃશ્ચિક:ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
ધન: અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
મકર: ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
કુંભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.

રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલ ખ્યાતિ હોસ્પિટલ કાંડ સહિતના બનાવોને લઈ મોડેથી જાગેલ સરકાર દ્વારા લેવાયું પગલું !

# રાજ્યમાં PMJAY-મા યોજના અંતર્ગત હોસ્પિટલો માટે નવી SOP જાહેર

## PMJAY-મા હેઠળ એમ્પેનલ્ડ હોસ્પિટલોમાં કાર્ડિયોલોજી રેડિયોલોજી તથા નિયોનેટલ કેર માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

## પૂર્વનિર્ધારિત સારવારમાં દર્દી અને સગાને પૂરતી સમજણ આપતી વખતે વીડિયો રેકોર્ડિંગ સાથે સંમતિપત્રક ફરજિયાત

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં PMJAY અંતર્ગત એમ્પેનલ્ડ કેટલીક ખાનગી હોસ્પિટલો દ્વારા યોજનાની ગાઈડલાઈનનો ભંગ થતો હોવાનું ધ્યાને આવતા, ગુજરાત સરકાર દ્વારા "PMJAY" યોજના અંતર્ગત નવીન માર્ગદર્શિકા (SOP) જાહેર કરવામાં આવી છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી PMJAY-મા યોજના હેઠળ એમ્પેન્લ્ડ હોસ્પિટલ માટે મુખ્ય ત્રણ પ્રોસિઝર કાર્ડિયાલોજી, નિઓનેટલ અને ઓંકોલોજી(કેન્સર) માટે નવીન માર્ગદર્શિકા (SOP)જાહેર કરી હતી.

આ નવી માર્ગદર્શિકા જાહેર કરતા તેમણે કહ્યું હતુ કે, ગેરરીતિ કે ગુનાહિત પ્રવૃતિને કોઈપણ અવકાશ ન રહી જાય તે તમામ બાબતોનું ધ્યાન રાખીને નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે. માનવતાને નેવે મૂકીને દર્દીઓના જીવ સાથે ચેડા કરતા લોકોની આ પ્રવૃતિને કોઈપણ ભોગે સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે જે માટે સરકાર હંમેશાથી પ્રતિબધ્ધ છે. PMJAYની નવીન માર્ગદર્શિકા જાહેર કરતા આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, PMJAY યોજના હેઠળ મળતી વિવિધ સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પૈકી મુખ્યત્વે કાર્ડિયોલોજી, રેડિયોલોજી, નિયોનેટલ સેવાઓ અને TKR/THR (ટોટલની રિપ્લેસપે/ટોટલ હીપ રિપ્લેસમેન્ટ) જેવી સેવાઓ માટે નવીન SOP બનાવવામાં આવી છે. જેથી ભવિષ્યમાં કોઈપણ ખાનગી હોસ્પિટલ ગાઈડલાઈનનો ભંગ ન કરી શકે. જેમાં કાર્ડીયોલોજી સેવાઓ કેન્સર સારવાર નિયોનેટલ કેર તથા ઓર્થોપ્લાસ્ટી વગેરે માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રાજ્ય સરકાર દ્વારા PMJAY યોજના હેઠળ TKR/THR (ટોટલની રિપ્લેસમેન્ટ/ ટોટલ હીપ રિપ્લેસમેન્ટ) માટેની નવીન SOP બનાવવામાં આવી હતી. જેમાં TKR/THR માટેના ઓપરેશન કરતી હોસ્પિટલોએ "ઓર્થોપેડીક અને પોલીટ્રોમા"ના કેસોની સારવાર પણ આપવાની હોવાથી "ઓર્થોપ્લાસ્ટી"નાં ઓછામાં ઓછા ૩૦ ટકા કેસોને સારવાર આપવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. જેમાં આ રેશીયોનું પાલન ન થાય તો હોસ્પિટલને પેનલ્ટી પણ કરવામાં આવે છે. સાથે જ, હોસ્પિટલ દ્વારા સળંગ ૯ માસ સુધી આ રેશીયોનું પાલન ન થાય તો, તેવા કિસ્સામાં હોસ્પિટલને "ઓર્થોપ્લાસ્ટી" સ્પેશ્યાલીટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. PMJAY યોજના અંતર્ગત જોડાયેલી કુલ ૭૫ હોસ્પિટલને રૂ. ૩.૫૧ કરોડની TKR અંતર્ગત પેનલ્ટી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, PMJAY અંતર્ગત એમ્પેનલ્ડ કેટલીક ખાનગી હોસ્પિટલો દ્વારા યોજનાની ગાઈડલાઈનનો ભંગ તથા ગુનાહિત હેતુ સાથે થતી સારવાર સંબંધિત ફરિયાદોને કારણે વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં કુલ ૧૪થી વધુ હોસ્પિટલો સામે ગેરરીતિ બદલ સસ્પેન્ડ, ડિએમ્પેન્લ્ડ અને પેનલ્ટીની કાર્યવાહી કરવામાં આવી છે. તદઉપરાંત અંદાજીત રૂા.૧૮ કરોડનો દંડ પણ કરાયો છે. અમુક કિસ્સાઓમાં ડોકટરોને પણ યોજનામાંથી કાયમી ધોરણે દૂર કરવા ઉપરાંત મેડિકલ કાઉન્સિલ દ્વારા પણ જરૂરી પગલા લેવામાં આવ્યા છે. મંત્રીના જણાવ્યાનુસાર નવી માર્ગદર્શિકામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૨૦૨૪ની જોગવાઈ અનુસાર પૂર્વવ્યાખ્યાયિત સારવાર પ્રક્રિયાની વિગતવાર પુરતી સમજણ દર્દી અને તેઓના સગાને આપતી વખતે video રેકોર્ડીગ સાથેનું સંમતિ પત્રક લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. જેમાં (૧)એન્જીઓગ્રાફી,(૨) એન્જીઓપ્લાસ્ટી, (૩) કોરોનરી આર્ટરી બાયપાસ સર્જરી,(૪) એમ્પ્યુટેશન (અંગ વીચ્છેદન સર્જરી)(૫) તમામ "Ectomy" અંતર્ગત સર્જરી(શરીર નો કોઈ ભાગ દૂર કરવાની સર્જરી) (૬)ઓર્ગન ડોનેશન/ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેસન/ ઓર્ગન રિટ્રાઈવલ સર્જરી (૭) સ્પાઈનલ સર્જરી/બ્રેઈન સર્જરી/ કેન્સર સર્જરી જેવી સર્જરીઓ માટે વીડિયો કન્સેન્ટ(સંમતિ) આપવી ફરજિયાત રહેશે. વધુમાં દર્દીને ડિસ્ચાર્જ વખતે ભવિષ્યમાં વધુ સારવાર અર્થે ઉપયોગી થાય તે હેતુસર ડિસ્ચાર્જ સમરી સાથે હોસ્પિટલાઈજેશન દરમ્યાન કરવામાં આવેલ લેબોરેટ્રી, રેડિયોલોજી વગેરે તમામ ડાયગ્નોસ્ટીક રિપોર્ટસ ફરજીયાત આપવાના રહેશે. રાજયની તમામ હોસ્પિટલોઅઈન્ફોમેશન કંટ્રોલ એન્ડ પ્રિવેકશન માટેની ભારત સરકારની ગાઇડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત તમામ હોસ્પિટલો ખાતે સારવાર સંબધિત કામગીરીનું સઘન મોનિટરીંગ કરવા માટે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ (SAFU)ને વધુ સુદ્રઢ બનાવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ખાનગી હોસ્પિટલો દ્વારા આચરવામાં આવતી છેતરપિંડીના બનાવો અટકાવા માટે સરકારી તેમજ GMERS મેડિકલ કોલેજમાંથી અલગ ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. જે SAFU ટીમના નિર્દેશ પ્રમાણે તેમના જીલ્લામાં એમપેન્લ્ડ હોસ્પિટલની મુલાકાત લઈ સારવાર સંબધિત પુરતી ચકાસણી કરશે અને લાભાર્થીની કોઈ ફરિયાદ હશે તો તે સરકારને ધ્યાને મુકશે. CDHO/MOH દ્વારા માસિક ધોરણે ઓછામાં ઓછી બે હોસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવાની રહેશે. થર્ડપાર્ટી ઓડિટના ભાગ રૂપે ટેન્ડર પ્રક્રિયા દ્વારા ફિલ્ડ ઓડિટની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવશે. જેમાં ફિલ્ડ ઓડિટ ટીમ દૈનિક ધોરણે બેથી ત્રણ ટકા કેસોનું ફિલ્ડ ઓડિટ કરશે. વીમા કપની દ્વારા પણ વધુ સંખ્યામાં સ્પેશ્યાલિસ્ટ તથા સુપર સ્પેશ્યાલિસ્ટ ઉપલબ્ધ કરીને ડેસ્ક ઓડિટ તથા ફિલ્ડ ઓડિટ સઘન બનાવવામાં આવેલ છે. હોસ્પિટલ દ્વારા સારવારના પેકેજીસનો સંભવિત દુરઉપયોગ થતો અટકાવવા માટે NHAને જરૂરી પ્રકારના ટ્રીગર જનરેટ કરવા વિનંતી કરવામાં આવેલ છે. રાજ્યમાં PMJAY-MA યોજના અંતર્ગત તા.૪/૧૨/ ૨૦૨૪ સુધી કુલ ૭૨,૭૯,૭૯૭ દાવાઓ માટે રૂ.૧૫૫૬૨.૧૧ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. રાજ્યમાં તા.૧૧-૭-૨૦૨૩ થી તા.૧૦-૭-૨૦૨૪ સુધીમાં PMJAY-મા યોજના અંતર્ગત કુલ આવેલ પ્રિ-ઓથ અથવા ક્લેઈમમાંથી ૨૪,૭૦૧ એટલે કે રૂ. ૪૧.૧૮ કરોડના ક્લેઈમ રીજેક્ટ અને ૧,૧૬,૨૬૬ કેસ એટલે કે રૂ. ૧૨૧ કરોડની રકમના કેસ ડીડેક્ટ(ઓછી) કરવામાં આવી છે.




### કેન્સર સારવાર

૧. નિષ્ણાંત તબીબોના સૂચન બાદ ઓન્કોલોજી એટલે કે કેન્સરની વિવિધ પ્રોસિઝર સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે.

૨. કેન્સરના દર્દીની જરૂરિયાત મુજબની યોગ્ય સારવારનો પ્લાન નક્કી કરવા માટે મેડિકલ ઓન્કોલોજિસ્ટ, સર્જિકલ ઓન્કોલોજિસ્ટ અને રેડીયેશન ઓન્કોલોજિસ્ટની સંયુક્ત પેનલ ટ્યુમર બોર્ડ તરીકે નિર્ણય લઈ TBC (ટ્યુબર બોર્ડ સર્ટિફિકેટ)માં દર્દીનો ટ્રીટમેન્ટ પ્લાન નક્કી કરશે. TBC (ટ્યુબર બોર્ડ સર્ટિફિકેટ) અપલોડ કરવાનું ફરજિયાત.

૩. દર્દીને કેન્સરની યોગ્યત્તમ સારવાર મળી રહે તે માટે IGRT (ઈમેજ ગાઈડેડ રેડિએશન થેરાપી)માં CBCT (કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ) ઈમેજ KV (કિલો વોટ)માં જ લેવાનું ફરજિયાત છે.

૪. વધુમાં આ થેરાપી ક્યાં ક્યાં ટ્યુમરમાં કરી શકાશે તેની પણ વિગતવાર ગાઈડલાઈન બનાવાઈ છે.

૫. કેન્સર ટ્રીટમેન્ટ માટેની રેડિયેશન થેરાપીમાં યોગ્ય સારવાર અને પેકેજીસ પસંદગીની સુગમતા માટે રેડિયેશનના પેકેજીસમાં જરૂર સુધારા કરાયા.

૬. મહિલાઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખનું કેન્સર, યોનીમાર્ગનું કેન્સર કે અન્ય કેન્સર જ્યાં બ્રેકી થેરાપી જરૂરી હોય, તેવા કિસ્સાઓમાં જે હોસ્પિટલ પાસે બ્રેકી થેરાપીની સગવડ છે, ત્યાં જ પીએમજેએવાય અંતર્ગત સારવાર આપવાની રહેશે, બ્રેકી થેરાપી માટે હોસ્પિટલનું ટાઈ-અપ ચલાવવામાં આવશે નહીં.

૭. રેડિયોથેરાપી મશીન માટે નક્કી થયેલ ક્વોલિટી કન્ટ્રોલના માપદંડનું પાલન કરી હોસ્પિટલે રેકોર્ડ નિભાવવાનો રહેશે.

### નિનોનેટલ કેર (બાળકો માટેનાં ICU)

૧.NICU/SNCU (નિયોનેટલ ઈન્ટેશિવ કેર યુનિટ/ સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ)માં બાળકોને ગુણવત્તાસભર સારવાર સુનિશ્ચિત કરવા માટે હોસ્પિટલે ફરજિયાતપણે માતાઓની પ્રાઈવસી સચવાય તે ધ્યાને લઈને CCTV ઈન્સ્ટોલેશન કરવાનું રહેશે.

૨. THO દ્વારા સમયાંતરે એનઆઈસીયુની મુલાકાત લઈ રિપોર્ટ એસએચએને સબમિટ કરવાનો રહેશે.

૩. ઓનલાઈન વિઝિટ મોડ્યુલ પોર્ટલ ટૂંક સમયમાં જ કાર્યરત થશે, જેથી દરેક વિઝિટને અસરકારક રીતે મોનીટર કરવામાં આવશે.

૪. બાળકોને રાઉન્ડ ધ ક્લોક સારવાર મળી રહે તે માટે નિઓનેટલ સ્પેશિયાલિટીમાં એમ્પેનલમેન્ટ માટે ફૂલ ટાઈમ પીડિયાટ્રિશિયન ફરજિયાત.

૫. પીડિયાટ્રિક હોસ્પિટલ માટેની યોજનાની માર્ગદર્શિકાના ધારાધોરણ મુજબ દર્દીના બેડ પ્રમાણે નર્સિંગ સ્ટાફ રાખવાનો રહેશે.

### કાર્ડિયોલોજીની સેવાઓ

૧. ટેકનિકલ બાબતોને ધ્યાને લઈ સ્પેશિયાલિટીમાં સુધારા કરવા જરૂરી. રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી કાર્ડિયોલોજી સેવાઓની માર્ગદર્શિકામાં સુધારા જાહેર કર્યા છે.

૨. કાર્ડિયોલોજીની સેવાઓ માટે કાર્ડિયોલોજીસ્ટ તથા કાર્ડિયોથોરેસિક સર્જન સાથે ફૂલ ટાઈમ કામ કરતા હોય તેવા સેન્ટરોને જ કાર્ડિયોલોજીના કલસ્ટર માટે માન્યતા પ્રાપ્ત ગણવાનો નિર્ણય લીધેલ છે.

૩. આ ઉપરાંત હોસ્પિટલો ખાતે ફૂલ ટાઈમ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ તથા ફિજિયોથેરાપિસ્ટ રાખવાની આવશ્યકતા રહેશે.

૪. ખાસ કિસ્સામાં ઈમરજન્સી સારવાર અતિઆવશ્યક હોય તેવા સંજોગોમાં ફક્ત કાર્ડિયોલોજીની સેવાઓ આપતા સેન્ટર એન્જિયોપ્લાસ્ટી કરી શકશે.

૫. હોસ્પિટલોએ એન્જિયોગ્રાફી તેમજ એન્જિયોપ્લાસ્ટીની સીડી/ વીડિયોગ્રાફી પ્રિઓથના સમયે અપલોડ કરવાની રહેશે.

૬. ઈમરજન્સી કેસમાં સદર સીડી/વીડિયોગ્રાફી સારવાર બાદ અપલોડ કરવાની રહેશે.

# કેજરીવાલે દલિત વિદ્યાર્થીઓના વિદેશમાં અભ્યાસ માટે નાણાં આપવાનું વચન આપ્યું




નવી દિલ્હી તા.૨૫

વિધાનસભાની ચૂંટણીઓ પહેલા મતદારોને રીઝવવાના સાહસિક પગલા તરીકે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હીના દલિત વિદ્યાર્થીઓને ડૉ. બી.આર. આંબેડકરના નામની યોજના દ્વારા વિદેશ જવા માટે મદદ કરવાની યોજના શરૂ કરી હતી શિક્ષણ માટે ભંડોળ પૂરૂં પાડવું. કેજરીવાલે જણાવ્યું કે તાજેતરમાં સંસદમાં બંધારણના ઘડવૈયા ઉપર ગૃહ મંત્રી અમિત શાહની વિવાદાસ્પદ ટિપ્પણીના જવાબમાં આ જાહેરાત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, 'આ ટિપ્પણીથી મને અંગત રીતે દુઃખ થયું છે. હું નથી ઈચ્છતો કે કોઈ દલિત વિદ્યાર્થી પૈસાની અછતને કારણે વિદેશમાં ભણવાનું સપનું છોડી દે.' ડૉ. આંબેડકર સન્માન શિષ્યવૃત્તિ યોજનાનજાહેરાત કરતાં કેજરીવાલે જણાવ્યું કે કોઈપણ દલિત વિદ્યાર્થી કોઈપણ વિદેશી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છે તો તેનો સંપૂર્ણ ખર્ચ દિલ્હી સરકાર ઉઠાવશે. તેમણે જણાવ્યું કે, 'ચાહે તે મુસાફરી ખર્ચ હોય, રહેવાનો ખર્ચ હોય કે ફી, સરકાર બધું જ ભોગવશે.' આગામી ચૂંટણી પહેલા કેજરીવાલની આ ચોથી મોટી જાહેરાત છે. આ મહિનાની શરૂઆતમા AAPએ વચન આપ્યું કે જો પક્ષ સત્તામાં પાછો ફરે છે, તો તે મુખ્યમંત્રી મહિલા સન્માન યોજના હેઠળ ૧૦૦૦ અને તેથી વધુ વયની મહિલાઓ માટે નાણાકીય સહાય વધારીને રૂા. ૨,૧૦૦ છે. અન્ય વચનોમાં દિલ્હીની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વરિષ્ઠ નાગરિકો માટે મફત સારવાર અને શહેરના ઓટો-રિક્ષા ચાલકો માટે વ્યાપક કલ્યાણ પેકેજનો સમાવેશ થાય છે. જોકે AAPના રાજકીય હરીફોએ હંમેશા દિલ્હી અને પંજાબમાં તેની 'ફ્રીબી પોલિસી' ઉપર હુમલો કર્યો છે, તેમ છતાં, પાર્ટીએ પીછેહઠ કરી નથી અને કલ્યાણકારી યોજનાઓના નામે મતદારોને આકર્ષવાનું ચાલુ રાખ્યું છે. AAP ૨૦૧૫માં સત્તામાં આવી ત્યારથી, કલ્યાણકારી યોજનાઓ જેવી કે ૨૦૦ યુનિટ વીજળી, દરેક ઘર માટે ૨૦,૦૦૦ લીટર પાણી, DTC બસોમાં મહિલાઓની મુસાફરી અને મોહલ્લા ક્લિનિકસે પાર્ટીને વધુ મજબૂત બનાવી છે અને લોકોએ તેનો સ્વીકાર કર્યો છે સતત બે વિધાનસભા ચૂંટણીમાં. દિલ્હી સરકાર પહેલાથી જ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ યોજના ચલાવી રહી છે, પરંતુ તેનો લાભ માત્ર ૧૦૦ વિદ્યાર્થીઓને જ મળી રહ્યો છે.

ગૃહ વિભાગ દ્વારા સમીક્ષા બેઠકમાં ચર્ચા બાદ નિર્ણય લેવાયો

# રાજ્યના ૨૦ ધારાસભ્યો સહિતનાઓની સુરક્ષા પરત ખેંચી લેવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૨૫

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં એકાએક ૨૦ જેટલા ધારાસભ્યો તથા પૂર્વ ધારાસભ્યો સુરક્ષાને પરત ખેંચી લેવામાં આવી છે. સમગ્ર મામલે ગૃહ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં ધારાસભ્યોની સુરક્ષા પરત લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોઈપણ વ્યક્તિને સુરક્ષા આપ્યા બાદ તેની ૩ અને ૬ મહિને સમીક્ષા કરવામાં આવતી હોય છે. જેમાં ગૃહ વિભાગ અને પોલીસ અને આઈબીના અધિકારીઓ દ્વારા આ સમીક્ષા કરવામાં આવતી હોય છે. આ બેઠકમાં સમીક્ષ કર્યા બાદ ગૃહ વિભાગ દ્વારા કુલ ૨૦ જેટલા ધારાસભ્યોની સુરક્ષાને હટાવી દેવામાં આવી છે. જેમાં આ નિર્ણય લેતા પહેલા ગૃહ વિભાગ દ્વારા સમીક્ષા બેઠકમાં વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગૃહ વિભાગ, DGP અને આઈબીના અધિકારીઓ દ્વારા સુરક્ષા મેળવનારની સ્થિતિનો રિપોર્ટ ચેક કરવામાં આવતો હોય છે. જેને આધારે આખરે સુરક્ષા પરત લેવા અંગેનો નિર્ણય લેવાતો હોય છે. ધારાસભ્યોની સાથે અન્ય VIP સહિતનાઓનો પણ આ સુરક્ષા મેળવનારાની યાદમાં સમાવેશ થવા પામેલ છે.

# મુંબઈની નૌકા દુર્ઘટના : અકસ્માતની સંભાવનાઓ પ્રત્યે સેવાતા દુર્લક્ષનું અત્યંત વરવું ઉદાહરણ છે

મુંબઈ તા.૨૫

રેલવે કે સડક દુર્ઘટનાઓ તો આપણા માટે રોજિંદી બાબત બની ગઈ છે. દેશના માર્ગો ઉપર તેમજ રેલવે પાટા ઉપર રોજના એટલા અકસ્માતો થાય છે કે આજે કયાં અકસ્માતો થયા એના જ સમાચારો જોવા કે વાંચવા પડે છે અથવા તો આવતીકાલે કયાં અકસ્માત થશે એની કલ્પના જ કરવી પડે છે. કહેવાનો તાત્પર્ય એ છે કે અકસ્માતો આપણને પ્રજા તરીકે તેમજ વહીવટી તંત્રને સરકાર તરીકે જાણે કે કોઠે પડી ગયા છે. એને અટકાવી શકાય એમ નથી જ એવું જાણે કે સૌએ સ્વીકારી લીધું છે. આ કરૂણ સ્થિતિ વચ્ચે સમયાંતરે હવાઈ અકસ્માતો પણ થતા રહે છે પણ જળમાર્ગે થતી નૌકા દુર્ઘટનાઓની સંખ્યા પ્રમાણમાં નહીવત હતી પરંતુ હવે એમાંય જાણે કે પાછળ રહેવા માગતા ન હોઈએ એમ નૌકા દુર્ઘટનાઓ પણ થવા લાગી છે. સમૃદ્રમાં કે પછી યુપીબિહાર જેવા રાજ્યોમાં નદીઓમાં નાવ પલટવા જેવી દુર્ઘટનાઓ કયારેક કયારેક સર્જાતી રહી છે. પણ હવે જ્યાસલામતી વ્યવસ્થા ચુસ્ત હોવાનો દાવો કરાય છે અને આપણને પણ અત્યાર સુધી જે લાગતું હતું કે મુંબઈના દરિયામાં નૌકા દુર્ઘટનાઓ સર્જાવાની શક્યતા નહીવત છે પરંતુ લાગે છે કે હવે આ ભરોસો પણ તૂટી રહ્યો છે કેમ કે, માયાનગરી મુંબઈના સમુદ્રમાં આનંદ-પ્રમોદ માટે ફરવા નીકળેલા પર્યટકોને ક્યાં ખબર હતી કે તેઓ ગેટ વે ઓફ ઈન્ડિયાની એલિફન્ટાની ગુફાઓ સુધી જે નૌકામાં જઈ રહ્યા છે તે અકસ્માતનો ભોગ બનશે. કારણ કે એક તો મુંબઈનો સલામત દરિયા કિનારો અને દરરોજના સેંકડો સહેલાણીઓની સુરક્ષિત આવનજાવનમાં કયારેય આવી દુર્ઘટના સર્જાઈ ન હતી. તે દુર્ઘટના તાજેતરમાં સર્જાઈ જેમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી. એન્જિનની ચકાસણી માટે જઈ રહેલા નૌકાદળના જહાજે અચાનક નિયંત્રણ ગુમાવ્યું અને તે પર્યટકોને લઈ જઈ રહેલી નૌકા સાથે ટકરાઈ ગઈ. આવી કલ્પના ન તો બંને જહાજોના ચાલક સભ્યોએ કરી હશે કે ન તો તેમાં રહેલા પયર્ટકોએ કરી હશે. પરંતુ આ અશકય જણાતી દુર્ઘટના ઘટી અને એમાં જે પ્રકારની ખામીઓ અને બેદરકારી સામે આવી છે તે બહું ગંભીર છે. દુર્ઘટના પહેલા આ બોટ પ્રવાસીઓને લઈને ગેટવે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા જઈ રહી હતી તે સમયે જહાજમાં એકસો દસથી વધુ મુસાફરો સવાર હતા. જ્યારે બોટની ક્ષમતા એંસી મુસાફરોની હતી. પ્રશ્ન એ છે કે નિર્ધારિત સંખ્યા કરતાં વધુ મુસાફરોને લઈ જવાની પરવાનગી કોણે આપી ? યોગાનુયોગ અકસ્માતની જાણ થતા જ મરીન પોલીસ, કોસ્ટ ગાર્ડ અને નેવી રેસ્કયુ ટીમની સાથે માછીમારો પણ આગળ આવ્યા અને નવ્વાણું પ્રવાસીઓને ડૂબતા બચાવ્યા. જો થોડો પણ વિલંબ થયો હોત તો ઘણા વધુ મુસાફરોએ જીવ ગુમાવ્યો હોત તેમ છતાં દુર્ભાગ્યે ત્રણ ખલાસીઓ અને દસ નાગરિકોને



બચાવી શકાયા ન હતા. જો ફેરીનું સંચાલન કરતી કંપની, જે મુસાફરોનું ઘેટાં-બકરાંની જેમ વહન કરે છે, તેણે મુસાફરોની નિર્ધારિત સંખ્યાના નિયમનો ભંગ કરવા સામે સખ્તાઈ દાખવી હોત અને ફેરી ઉપરના દરેક મુસાફરો માટે લાઈફ જેકેટસ ન રાખવા બદલ ઓપરેટીંગ સ્ટાફ પાસેથી જવાબ માગ્યો હોત, તો કદાચ આ સ્થિતિ ઊભી થઈ ન હોત. દરિયામાં જહાજ સાથે અથડાવાને કારણે બોટ પલટી જાય તો મુસાફરોનો જીવ કેવી રીતે બચશે ? તેનું કોઈ મિકેનિઝમ જ ન હતું. અકસ્માતમાં બચી ગયેલા પ્રવાસીઓએ ફરિયાદ કરી હતી કે બોટમાં તેમના માટે પૂરતા લાઈફ જેકેટસ નહોતા. મુસાફરોની સુરક્ષાની પરવા કર્યા વિના બોટ કયા આધારે ચલાવવામાં આવી રહી હતી ? સ્વાભાવિક છે કે, વધુ નફો કમાવવા માટે મુસાફરોના જીવ જોખમમાં મૂકતી ફેરી કંપનીઓને પણ કાયદાના કઠેરામાં લાવવી જોઈએ. વહીવટી તંત્રએ હવે બોટમાં સવાર તમામ મુસાફરો માટે લાઈફ જેકેટ ફરજિયાત બનાવ્યા હશે, પરંતુ અકસ્માત બાદ આવા પગલાં ભરવાને બદલે જો નિયમિત ચેકિંગ અને સલામતી વ્યવસ્થાનું મોનિટરિંગ કરવામાં આવ્યું હોત તો અનેક લોકોના જીવ બચાવી શકાયા હોત. પરંતુ આપણી વ્યવસ્થાજ એવી છે કે હંમેશા પાણી વહી ગયા પછી પાળ બાંધવાની વાતો કરીએ છીએ.

મહાત્મા મંદિરમાં ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રીનો નવો સેતુ રચાયો

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિઝુઓકા પ્રીફેક્ચરના ગવર્નરની ઉપસ્થિતિમાં ગુજરાત-જાપાન પાર્ટનરશીપ ડે અંતર્ગત પાંચ જેટલા કરાર-MOU સંપન્ન થયા

## ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાંચ મૈત્રી કરાર : શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાત અને જાપાન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોએ બંને પ્રાંત વચ્ચે વિકાસના નવાં દ્વાર ખોલ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતના ઔદ્યોગિક, આર્થિક અને સામાજીક વિકાસ માટે શરૂ થયેલી વાયબ્રન્ટ સમિટને કારણે આજે જાપાન અને ગુજરાત વચ્ચેના સંબંધો એક ગાઢ મિત્રતામાં પરિવર્તિત થઈને વધુ મજબૂત બન્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું. ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાર્ટનરશીપ ડે અન્વયે મૈત્રી કરારો માટેનો કાર્યક્રમ મહાત્મા મંદિરમાં યોજાયો હતો. ગુજરાત સરકાર અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે સિસ્ટર સ્ટેટ ફ્રેન્ડશિપ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા. આ એગ્રીમેન્ટની મુખ્યમંત્રી અને શિઝુઓકા પ્રીફેક્ચરના ગવર્નરએ પરસ્પર આપ-લે કરી હતી. જે કરાર સંપન્ન થયા છે તેમાં શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન, અમદાવાદ અને હમામાત્સુ, શહેરો વચ્ચે આપસી સરકાર માટેની દરખાસ્ત, વર્સેટાઈલ માઈક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU, સુઝુકી મોટર કોર્પોરેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે MOUનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને શિઝુઓકા પ્રીફેક્ચરલ ગવર્નમેન્ટ તેમજ અમદાવાદ અને હમામાત્સુ શહેર (શિઝુઓકા) વચ્ચે મૈત્રી કરાર દ્વારા આજે બંને દેશો વચ્ચે એક નવી સહભાગિતાની યાત્રા શરૂ થઈ છે. ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે કેટલીક રસપ્રદ સમાનતાઓ વિશે તેમણે ઉમેર્યુ હતું કે, ગુજરાત અને શિઝૂઓકા પ્રીફેક્ચર બેય ઈનોવેશન, સસ્ટેનેબિલીટી અને પિપલ સેન્ટ્રિક ડેવલપમેન્ટનું સમાન વિઝન ધરાવે છે. આ ઉપરાંત ગુજરાતમાં અરબ સાગરનો સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. તેવી જ રીતે, શિઝુઓકા પેસિફિક મહાસાગરનો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. ગુજરાત ટેક્સટાઈલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ, ઓટોમોટિવ, સિરામિક્સ, જેમ્સ એન્ડ જ્વેલરી સહિતના મોટા ઉધોગો ધરાવતું રાજ્ય છે. બીજી બાજુ, શિઝુઓકા પ્રોડક્શન સેક્ટર પણ ઓટોમોટિવ અને ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રી માટે જાણીતું છે. ગુજરાત મેન્યૂફેક્ચરીંગ હબ સાથો સાથ ‘ઓટો હબ’ બન્યું છે તેમાં જાપાનીઝ કંપનીઓ સૂઝૂકી મોટર્સ, હોન્ડા મોટર સાયકલ એન્ડ સ્કૂટર્સ, મિત્સુબિશી, ટોયોટાનું યોગદાન ખૂબ જ અગત્યનું છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જાપાની કંપનીઓ માટે ગુજરાત સેકન્ડ હોમ છે. માંડલમાં જાપાનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવવામાં આવ્યો છે. જાપાને શરૂઆતમાં પાંચ કંપનીઓ શરૂ કરી હતી આજે ગુજરાતમાં લગભગ ૩૫૦થી વધુ જાપાનીઝ સંસ્થાઓ તથા કંપનીઓ કાર્યરત છે. તેમણે કહ્યું કે, એક્ટિવ પોલિસી મેકિંગ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી એપ્રોચ, રોબસ્ટ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્વોલિટી ઓફ લાઈફથી ગુજરાત આજે રોકાણ માટે સૌથી વધુ પસંદગીનું સ્થળ બન્યું છે. ઈમરજિંગ સેક્ટર એવા ગ્રીન એમોનિયા, ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી, સેમી કંડકટરમાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે. ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચેના આ કરાર એક મજબૂત પાયો છે. આ કરારથી વેપાર, વાણિજય, ટેકનોલોજી, નવીનતા, સાંસ્કૃતિક આદાનપ્રદાન તેમજ પ્રવાસન જેવા ક્ષેત્રોમાં એકબીજાના સામર્થ્યનો લાભ મળશે. આ કરાર બન્ને દેશોની ક્ષમતાઓ માટે પૂરક બની વિવિધ ક્ષેત્રોમાં સહભાગિતાની સંભાવનાઓ ઉભી કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પતંગોત્સવની અને હમામાત્સુમાં યોજાતા પતંગોત્સવની લોકપ્રિયતાની સામ્યતા વર્ણવી હતી. તેમણે આગામી ઉતરાયણ ઉત્સવમાં જોડાવા જાપાનીઝ પ્રતિનિધિઓને આમંત્રણ પાઠવ્યું હતું. શિઝુઓકા પ્રીફેક્ચરના ગવર્નર શ્રી સુઝુકી યાસુતોમોએ આ પ્રસંગે ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા દાયકાથી જાપાનના ભારત અને ખાસ કરીને ગુજરાત સાથે સંબંધ ગાઢ રહ્યા છે. આજે ગુજરાત અને શિઝુઓકા વચ્ચે થયેલા મૈત્રી કરાર ભવિષ્યમાં ગુજરાત અને શિઝુઓકાના વિકાસ માટેનું એક ઐતિહાસિક પગલું પૂરવાર થશે. સુઝુકી યાસુતોમોએ ઉમેર્યું હતું કે, ગુજરાત આજે ભારતના આર્થિક વિકાસનો આધાર બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ પ્રેરણાથી ગુજરાતની ઉદ્યોગ ફ્રેન્ડલી ઈકોસિસ્ટમના પરિણામે આજે સુઝુકી જેવી જાપાનની અનેક પ્રતિષ્ઠિત કંપનીઓએ ગુજરાતમાં રોકાણ કર્યુ છે. એટલા માટે જ, જાપાન અને શિઝુઓકા માટે ગુજરાતમાં રોકાણ માટેનો પાયો ખૂબ જ સંગીન છે. ગુજરાત ભારતનું સ્ટાર્ટઅપ હબ છે અને ગુજરાત રાજયમાં ભારતના આર્થિક વિકાસને વેગ આપવાની અનન્ય ક્ષમતા રહેલી છે. તેમાં સહયોગ આપવા ભવિષ્યમાં જાપાનની અનેક કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે ઉત્સુક છે. આ મૈત્રી કરારથી ઔદ્યોગિક વિકાસ ઉપરાંત બંને પ્રાંતના પ્રવાસન ક્ષેત્રને પણ ખૂબ જ વેગ મળશે, તેવો વિશ્વાસ વ્યકત કરીને યાસુતોમોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને શિઝુઓકા-જાપાનની મુલાકાત માટે નિમંત્રણ આપ્યું હતું. ગુજરાતના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જાપાનથી પધારેલા તમામ મહેમાનોને ગુજરાતમાં આવકારતા કહ્યું હતું કે, ગુજરાત અને જાપાનના સંબંધોને વધુ મજબૂત કરવા માટે આજનો કરાર મહત્વપૂર્ણ અને સીમાચિન્હ રૂપ સાબિત થશે. મંત્રી રાજપૂતે ઉમેર્યું હતું કે, ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા માટેના વિકાસપથ ઉપર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશ હેઠળ ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે હંમેશા અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત જાપાન સાથે કદમ મિલાવીને ચાલવા કટિબદ્ધ છે. ભારતના ‘‘ગ્લોબલ ઈકોનોમિક પાવરહાઉસ’’ તરીકે ગુજરાતે પોતાની કીર્તિ સ્થાપિત કરી છે. વિશ્વની ૫૦૦ ફોર્ચ્યુન કંપનીઓમાંથી ૧૦૦ના કંપનીઓના એકમો ગુજરાતમાં કાર્યરત છે. સુઝુકી મોટર્સ પ્લાન્ટ અને માંડલમાં જાપાનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એ જાપાન અને ભારતની સફળ ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે તેમ તેમણે જણાવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકાના મેયર શ્રપ્રતિભાબેન જૈને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અમદાવાદ શહેર અનેક નવીન માળખાકીય સુવિધાઓનું કેન્દ્ર બન્યું છે. આ MoUના માધ્યમથી ગુજરાતમાં સ્ટાર્ટઅપ, આરોગ્ય, શિક્ષણ ઉપરાંત કલા અને સંસ્કૃતિ સહિતના ક્ષેત્રોને પ્રોત્સાહન મળશે. જાપાનના હામામાત્સુ શહેરના મેયર નાકાનો યુસુકે ગુજરાતની મહેમાનગતિથી પ્રભાવિત થતા જણાવ્યું હતું કે, અમદાવાદ અને હામામાત્સુ શહેર વચ્ચેના કરાર ગુજરાત અને જાપાનની મૈત્રી સંબંધોને વધુ મજબૂત બનાવશે. અમારૂ શહેર સુઝુકી કંપનીનું મેન્યુફેક્ચરિંગ હબ છે, જે જાપાનના આર્થિક અને સામાજિક વિકાસમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે, ગુજરાતના વિકાસમાં પણ સુઝુકી જેવા જાપાનના ઉદ્યોગો મહત્વપૂર્ણ ફાળો આપે છે. સાથે જ, આજના આ મૈત્રી કરારથી બંને શહેરો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનને પણ વેગ મળશે. જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચરના ડેલીગેશનના વડા સુગિયામા મોરીયોએ ગુજરાતના સાંસ્કૃતિક વારસા તેમજ ઔદ્યોગિક વિકાસ ઉપરાંત ગિફ્ટ સિટીની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ મૈત્રી કરારથી ગુજરાત અને શિઝુઓકા વચ્ચે સાંસ્કૃતિક અને ઔદ્યોગિક આદાન પ્રદાનને વેગ મળશે અને બંને પ્રાંતનો વિકાસ વેગવાન બનશે. સુઝુકી મોટર્સ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ સુઝુકી તોશિહિરોએ જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૧૭માં સુઝુકીએ ગુજરાતમાં રોકાણ કર્યા બાદ આજે સુઝુકી યુરોપ અને જાપાન જેવા ૬૭ જેટલા દેશોમાં ગુજરાતથી નિકાસ કરી રહ્યું છે. આજે બેચરાજી ઝોનમાં ૧૦ જેટલી જાપાનીઝ હોટલો પણ શરૂ થઈ છે.

નાગરિક સુખાકારી માટે શાસન વ્યવસ્થામાં આદર્શ વાતાવરણ ઉત્પન્ન થાય અને જળવાય તે માટે ભારતના રત્ન સમા

# ભારતના ભૂતપૂર્વ અટલ નિશ્ચયી અનુશાસક પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીજીના સ્વપ્નને સાકાર કરતું પર્વ એટલે "સુશાસન દિવસ"

## છેવાડાના નાગરિકોને તમામ સ્તરની યોજનાલક્ષી લાભો ઘરઆંગણે પહોંચાડી સુશાસનનો મંત્ર સાર્થક કરતી રાજ્ય સરકાર


(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૫

દર વર્ષે નાગરિકો માટે અતિ મહત્ત્વનો દિવસ એટલે સુશાસન દિવસ. નાગરિક સુખાકારી માટે શાસન વ્યવસ્થામાં આદર્શ વાતાવરણ ઉત્પન્ન થાય અને જળવાય તે માટે ભારતના રત્ન સમા ભૂતપૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયીજીના જન્મદિવસ નિમિત્તે ૨૦૧૪થી સુશાસન દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. સુશાસન માટે લોકશાહીમાં મુખ્યત્વે લોકભાગીદારી, કાયદાનું શાસન, સર્વસંમતીલક્ષી કામગીરી, જવાબદેહિતા, સર્વની સમાન સમાવેશિતા જરૂરી છે. તમામ નાગરિકોને કોઈ અગવડ ના પડે તેના વ્યવસ્થાપન માટે ગુડ ગવર્નન્સનું નિર્માણ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે, જે માટે જિલ્લા કક્ષાએ કલેકટર,નગરરચના નિયામક અધિકારી અને પદાધિકારીઓ સહિત ચૂંટાયેલા જન પ્રતિનિધિ જેમાં, ધારાસભ્યો સાંસદ સભ્યોની ટીમનું શ્રેષ્ઠ સંચાલન હોવાના કારણે દરેક પ્રશ્નોનું ખૂબ સરળતાથી નિરાકરણ મળી શકે છે. રાજકોટ જિલ્લામાં તેમજ ગુજરાતભરમાં ગ્રામ્ય તેમજ તાલુકા પંચાયતોમાં હવે ડિજિટલ કામગીરી કરવામાં આવી રહી છે, જેના દ્વારા સરકારી પત્ર વ્યવહારોમાં સરળતા અને આધુનિકતા દ્વારા ઈ-સરકારની કામગીરી કરાઈ, જે ડીજીટલાઈઝેશનનું ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. કાયદા વ્યવસ્થા અંગે દરેક નાગરિક પોતાના પ્રશ્નો વ્યક્ત કરી શકે તેવી વ્યવસ્થાઓ પણ સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. આજે દરેક ગામ, શહેર સ્વચ્છ બને તે અર્થે સ્વચ્છતાનો પ્રશ્ન દૂર કરવા માટે સ્વચ્છ ભારત મિશન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે, જેનાથી દરેક ગામ શહેર અને તમામ વિસ્તારોમાં સ્વચ્છતા અંગે લોકો જાગૃત થઈ રહ્યા છે. જો પ્રાથમિક વ્યવસ્થાના ક્ષેત્રે વાત થાય તો વિવિધ રોડ રસ્તાઓના વિકાસ કામ, સૌની યોજનાથી સૌરાષ્ટ્રનો પાણી પ્રશ્ન ભૂતકાળ બની ચૂક્યો છે, તો "નલ સે જલ" દ્વારા આજે ઘરે ઘરે પાણી પહોંચતું થયું છે. યુવાનો માટે રોજગાર મેળાઓ તેમજ નાગરિકોના રહેઠાણ માટે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો માટે પણ સરકાર દ્વારા વિવિધ આવાસો જેમાં રૂડા, આરએમસી સંસ્થાઓ થકી ખૂબ જ વ્યાજબી કિંમતે શ્રેષ્ઠ સુવિધા અને રહેવા માટે આદર્શ ઘર સરકાર દ્વારા બનાવવામાં આવે છે. લોકો માટે સતત કાર્યરત અને તેમના પ્રશ્નોને વાચા આપવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી ફરિયાદ નિવારણના કાર્યક્રમો, લોક દરબારો, સેવા સેતુ જેવા કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. સાથે સાથે વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ વિશે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે, આ ઝુંબેશ થકી અનેકવિધ યોજનાઓ અંગે લોકોમાં ઘરે ઘરે જનજાગૃતિ ફેલાય અને તમામ યોજનાઓની ૧૦૦% સંતૃપ્તિ સુનિશ્ચિત કરવા અને જનભાગીદારીની ભાવના કેળવવાનો હેતુ છે. પીએમ સ્વનિધી યોજના, આરોગ્યને પ્રાથમિકતા આપીને આયુષ્માન કાર્ડ, જેવી અનેકવિધ યોજનાઓનો લાભ આપવામાં આવે છે જેમાં આભા કાર્ડ તો બસ ૫ મિનિટમાં જનતા પોતાના મોબાઈલ દ્વારા ઘર બેઠા તૈયાર કરી શકે છે. આવી યોજનાઓ જનજનની સમાવેશિતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તદઉપરાંત ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ દરેક ક્ષેત્રમાં કરવામાં આવે છે જેથી ઝડપી કામો પૂર્ણ થાય. છેવાડાના માનવી સુધી તમામ સુવિધાઓ અને યોજનાઓનો લાભ પહોંચે અને વધુ ને વધુ લોકો તેનો લાભ લે તે માટે વિવિધ રીતે અપીલ પણ કરવામાં આવે છે અને બહોળી સંખ્યામાં યોજનાઓનો લાભ લોકો લેતા થયા છે. સાથે સાથે ઉદ્યોગને વિકસાવવા માટે પણ સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ વાઈબ્રન્ટ સમિટ જેવા કાર્યક્રમ દર વર્ષે યોજવામાં આવે છે જેના કારણે ઉદ્યોગપતિઓ પોતાના ઉદ્યોગને નવી દિશા આપવામાં અને દેશ- વિદેશથી વિવિધ ઉદ્યોગકારોને પણ આમંત્રિત કરીને એમઓયુ કરી સાથોસાથ પોતાના વ્યવસાયને યોજનાકીય લાભથી વિકસાવવામાં સહયોગ પણ પૂરો પાડી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકારે વિઝન ફોર ઈન્ડિયા - ૨૦૪૭ની સફળતા માટે ગ્રામ્ય કક્ષાએ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડી લોકભોગ્ય વહીવટ બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે ’મીનીમમ ગવર્મેન્ટ, મેકસીમમ ગવર્નન્સ’ની થીયરીને અમલમાં મૂકી તમામ વિભાગો ગામડાંઓના વિકાસ તરફ વિશેષ ધ્યાન આપે અને ગામડાંઓમાં આંગણવાડીઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ડીજીટલ સેવાસેતુ, ગ્રામસભા-રાત્રિસભા સહિતની પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વિવિધ સરકારી વિભાગો કામગીરીમાં પારદર્શિતા લાવીને તેમજ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને નવા વિચારો થકી નવા કાર્યોનું અમલીકરણ પ્રજા કલ્યાણ માટે થઈ રહ્યું છે.

નાગરિકોને તમામ સ્તરે યોજનાલક્ષી લાભો ઘરઆંગણે પહોંચાડી છેવાડાના માનવી સુધી રાજય સરકાર સુશાસન પહોંચાડી ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપેયીજીના સ્વપ્નને સાકાર કરી રહી છે. જેથી જન જનની સમાવેશિતા અને સર્વના વિકાસને ઉજવવાનું પર્વ બન્યું છે આ સુશાસન દિવસ.

## પવિત્ર ધનુર્માસના બુધવારે તુલસી પૂજન દિવસ નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવને જરદોશી વર્ક અને પ્યોર સિલ્કના વાઘનો દિવ્ય શણગાર એવં ૫૧ કીલો સુખડીનો અન્નકૂટ ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૫

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તો તારીખ ૨૫-૧૨-૨૦૨૪ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય શણગાર એવં તુલસી પૂજન દિવસનુ મહત્વ દર્શાવતુ શુશોભન કરવામાં આવેલ છે. મહત્ત્વનું છે કે, તો આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. ૫૧ કીલો સુખડીનો અન્નકૂટ ધરાવાયો હતો. જરદોશી વર્ક અને પ્યોર સિલ્કના વાઘાનો શણગાર કરાયો છે આ વાઘા વૃંદાવનમાં ૧ મહિને બન્યા, આ શણગાર તૈયાર કરતાં ૪-૫ કલાકનો સમય લાગ્યો હતો. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમિયાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે. હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## જૂનાગઢની નોબલ યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન

### ભારત ઉપરાંત અન્ય ૬ દેશો યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા, નાઈજીરીયા, એથન્સ (ગ્રીસ), અફઘાનિસ્તાનની યુનિવર્સિટીનાં સંશોધકો આ પરિષદમાં ભાગ લેશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

આગામી ૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નોબલ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન થવા જઈ રહ્યું છે. આ કોન્ફરન્સ હાઈબ્રિડ મોડમાં યોજાશે, જે અનુસંધાને ભાગ લેનારા રિસર્ચર્સ માટે ઓનલાઈન અને ઓફલાઈન બંને વિકલ્પ ઉપલબ્ધ રહેશે. આ કોન્ફરન્સમાં ભારત સહિત યુ.એસ., યુ.કે, ઓસ્ટ્રેલિયા, નાઈજીરીયા, એથન્સ (ગ્રીસ) અને અફઘાનિસ્તાન જેવા વિવિધ દેશોની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી કુલ ૪૨૪ સંશોધન પત્રો રજુ થશે. મેનેજમેન્ટ, કોમર્સ, એન્જિનિયરિંગ, સાયન્સ, આયુર્વેદ, હોમિયોપેથી, લાઈબ્રેરી સાયન્સ, ફાર્મસી, એજયુકેશન, એનિમલ હસબન્ડરી, હ્યુમનિટીઝ, નર્સિંગ અને કમ્પ્યુટર એપ્લિકેશન જેવા વિવિધ વિષયો ઉપર સંશોધકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે. આ રિસર્ચ પેપર્સ સ્કોપસ, વેબ ઓફ સાયન્સ અને UGC-કેર માન્ય જર્નલ્સમાં પ્રકાશિત કરવામાં આવશે. નોબલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયો ઉપર કરવામાં આવેલા રિસર્ચ માટે પોસ્ટર પ્રેઝન્ટેશનનું પણ આયોજન થશે. આ કોન્ફરન્સ દરમ્યાન વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા એક્સપર્ટ ટોકનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે રિસર્ચ કરી રહેલા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. શિક્ષણ જગત સાથે સંકળાયેલા તમામ શિક્ષણવિદો અને રસ ધરાવતા શિક્ષકો-વિદ્યાર્થીઓને આ કોન્ફરન્સમાં સહભાગી થવા નોબલ યુનિવર્સિટી દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ તકે નોબલ યુનિવર્સિટીના પ્રમુખ નીલેશ ધૂલેશિયા, મેનેજિંગ ટ્રસ્ટી વી.પી. ત્રિવેદી, સંસ્થાના કો મેનેજિંગ ટ્રસ્ટી કે. ડી. પંડયા તેમજ સંસ્થાના કુલપતિ ડો. એચ. એન. ખેર દ્વારા આ સફળ સંચાલન માટે સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી, જે સંસ્થાના રજિસ્ટાર અને ડીન ડો. જય તલાટીએ યાદીમાં જણાવેલ છે.

## માંગરોળ સબ જેલમાં નાસ્તા બાબતે કેદીઓ બાખડયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

માંગરોળ સબ જેલમાં નાસ્તો કયાંથી લાવેલ છે તેમ કહી કેદીઓ પર અન્ય ૩ કેદીઓએ હુમલો કર્યાની ફરીયાદ માંગરોળ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે ભરતભાઈ કાળુભાઈ સોલંકીએ સની, કાનો અને જીતુ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી માંગરોળ સબ જેલમાં બેરેક નં.૧માં નાસ્તો કરતા હોય દરમ્યાન આરોપી સનીએ ફરીયાદી પાસે આવી નાસ્તો કયાંથી લાવેલ જેથી ફરીયાદીએ કહેલ કે નાસ્તો જીતુભાઈનો છે જેથી હું નાસ્તો કરૂ છુ તેમ આરોપી સનીએ ઉશ્કેરાઈ જઈ મારમારવા લાગેલ બાદ આરોપી કાના અને જીતુએ આવી ફરીયાદીમાં મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શાપુર ગામે આવેલ પીજીવીસીએલ કવાર્ટરમાંથી ઈલેકટ્રીક સામાનની ચોરી


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

શાપુર ગામે આવેલ પીજીવીસીએલના કવાર્ટરમાંથી રાખેલ ૪૬૭ નંગ કોયલ કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે દર્શનભાઈ ભરતભાઈ પોરીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે, તા.૨૩-૯-૨૪ના બપોરે ૩ વાગ્યાથી તા.૩૦-૧૧-૨૪ના બપોરના ૧ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સે ફરીયાદીએ પીજીવીસીએલના જુના કવાર્ટરમાં રાખેલ ઈલેકટ્રીક કામને લગતા સામાન પૈકી ૪૬૭ સીટી કોયલ કિ.રૂા. ૧,૩૫,૬૯૬ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે સુશાસન દિવસ




ભારતમાં સુશાસન દિવસ ૨૫ ડિસેમ્બરે અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિની યાદમાં મનાવવામાં આવે છે, તેમની સમાધિ નામની ‘સદિયાવ અટલ’ રાષ્ટ્રને સમર્પિત હતી અને એક કવિ, માનવતાવાદી, રાજનેતા અને એક મહાન નેતા તરીકેના તેમના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે. ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ ૯૩ વર્ષની વયે તેમનું અવસાન થયું.

ભારતના લોકોમાં શાસનમાં જવાબદારી અંગે જાગૃતિ લાવવા માટે ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૦૧૪ માં સુશાસન દિવસની સ્થાપના કરવામાં આવી હતી. ભારત એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક છે જેમાં સંસદીય સ્વરૂપ સરકાર છે જે એકાત્મક લક્ષણો સાથે બંધારણમાં સંઘીય છે. દેશના બંધારણીય વડા એવા રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે વડા પ્રધાન સાથે પ્રધાનમંડળ છે. સુશાસનની કોઈપણ વ્યાખ્યા દોષરહિત, પરિણામલક્ષી અમલીકરણના મહત્વને રેખાંકિત કરવી જોઈએ. કારણ કે પાયાના સ્તરે પ્રભારીઓ દ્વારા પ્રતિબદ્ધતા અને જુસ્સા વિના અમલીકરણ સુનિશ્ચિત કરી શકાતું નથી, તેમની માનસિકતા ઉપર ધ્યાન આપવું જોઈએ.

- ડો. જી.આર. ગોહિલ


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન
શ્રી અટલ બિહારી વાજપેયીને
જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...
૨૫મી
ડિસેમ્બર
સુશાસન
દિવસ
ગુડ ગવર્નન્સ ડે
સુશાસનને મળશે નવો આયામ
'મારી યોજના'
પોર્ટલનું લોકાર્પણ
'સ્વાગત ૨.0' અને
'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ
વિજ્ઞાન અને તકનિકી વિભાગના
પ્રકલ્પોનું લોકાર્પણ
શ્રમ અને રોજગાર વિભાગના
નવા સેવા કાર્યોનું લોકાર્પણ
i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના
ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ
સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની